# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૯ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૨૪



સુખ વખતે સુખના રાગને ઘટાડ, તો દુઃખ વખતે દુઃખનો દ્વેષ ઘટશે. સમભાવ રાખવાની નાની તકો ગુમાવી, મોટા દુઃખ વખતે ઘણી સમતા રાખીશ તે વર્તમાન ધીઠાઈ છે. બંધના નાના કારણો તરફ દુર્લક્ષ કરી મોટા બંધના કારણથી છૂટ્યો છું એમ સમાધાન કરી સંતોષ રાખવો તે પોતાને વંચવા જેવું છે.

– પૂજ્ય ગુરુદેવશ્રી

|| नमः श्री सीमंधरजिनवराय || || नमः श्री जम्बूद्वीपस्थ शाश्वत जिनवरेभ्यः ||

|| नमः श्री कहानगुरुदेवाय || || नमः श्री बाहुबली मुनीन्द्राय || || श्री भगवती मातायै नमः ||

મુક્તિમાર્ગ પ્રકાશક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીની અધ્યાત્મ સાધનાભૂમિ શ્રી સ્વાનુભૂતિ તીર્થ સુવર્ણપુરીમાં
શ્રી જમ્બૂદ્વીપ સ્થિત શાશ્વત જિનેન્દ્રાદિભગવંતો અને શ્રી બાહુબલી મુનીન્દ્ર પ્રતિષ્ઠાનો

# પ્રથમ વાર્ષિકોત્સવ તથા શ્રી બાહુબલી મુનીન્દ્ર મહામસ્તકાભિષેક



પોષ સુદ ૧૩ તા. ૧૧-૧-૨૦૨૫, શનિવાર થી
પોષ સુદ-૧૫, તા. ૧૩-૧-૨૦૨૫, સોમવાર







અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય, પરમ તારણહાર સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સોનગઢની પવિત્ર ધરા ઉપર અતિભવ્ય તેમજ ખાસ દર્શનીય નવનિર્મિત જમ્બૂદ્વીપના શાશ્વતા જિનેન્દ્ર ભગવંતો, સીમંધર જિનાયતનમાં વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને ભાવિ તીર્થંકર ભગવાન, ચાર બાલયતિ ભગવંતો તેમજ નિશ્ચલતા સહિત અડગ ધ્યાન અને વીતરાગતાના ઉત્કૃષ્ટ પ્રતીક, તમામ સાધકો માટે ખૂબ જ પ્રેરણાદાયી ને આદર્શ એવા શ્રી બાહુબલી મુનીન્દ્રના પ્રતિષ્ઠાપન સહ પંચ કલ્યાણકનો સુવર્ણમયી યાદગાર પ્રસંગ આપણે સૌએ ગત જાન્યુઆરી મહિનામાં ઉજવ્યો, આ ઐતિહાસિક પ્રસંગને એક વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યું છે, ત્યારે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ અંતર્ગત ત્રિદિવસીય વાર્ષિક ઉત્સવ સુવર્ણપુરી સોનગઢમાં આયોજિત કરવામાં આવનાર છે.

આ શુભ અવસરે પધારવાથી સુવર્ણપુરીમાં નિર્મિત ભવ્ય જિનાયતનોમાં બિરાજમાન ભાવવાહી વીતરાગ જિનબિંબોના દર્શન-પૂજન-ભક્તિનો, ગુરુદેવશ્રીના અધ્યાત્મરસઝરતા અનુપમ પ્રવચનોનો, પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો, ભક્તિનો, પૂજનનો તેમજ શ્રી બાહુબલી મુનીન્દ્રના મહામસ્તકાભિષેકનો અમૂલ્ય લાભ મળશે. આ મંગલ ઉત્સવ પોષ સુદ ૧૩ તા. ૧૧-૧-૨૦૨૫, શનિવાર થી પોષ સુદ-૧૫, તા. ૧૩-૧-૨૦૨૫, સોમવાર સુધી રહેશે. આ પ્રસંગે સોમવાર, તા. ૧૩-૧-૨૦૨૫ના રોજ ૪૧ ફૂટના વિશાળકાય બાહુબલી મુનીન્દ્ર ભગવાનનો મહામસ્તકાભિષેક કરવામાં આવશે. તો આપ સર્વ મુમુક્ષુઓને આત્મલાભ અર્થે આ મંગલ પ્રસંગે પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

લિ.
પ્રમુખ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ

www.kanjiswami.org
Kanjiswami Songadh GET IT ON Goole Play Download on the App Store

વર્ષ–૧૯
અંક–૪




વિ. સંવત
૨૦૮૧
December
A.D. 2024



## પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૫૬-૫૮ના પ્રવચનમાંથી)

### ઈન્દ્રિયો પોતાના વિષયને એક સાથે ગ્રહણ કરી શકતી નથી માટે ઇન્દ્રિયજ્ઞાન હેય છે.

ઈન્દ્રિયજ્ઞાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણને જાણે છે પણ આત્માને જાણતું નથી. ઈન્દ્રિયજ્ઞાન ભગવાનના શરીરને, મૂર્તિને, પુસ્તકને જાણે છે, પણ ભગવાનના આત્માને જાણવાની તાકાત તેનામાં નથી. વળી બધા રૂપી પદાર્થોને પણ એકીસાથે જાણવાની તાકાત ઈન્દ્રિયજ્ઞાનમાં નથી. તે ઈન્દ્રિયજ્ઞાન જ્યારે ભગવાનને આંખથી જોવાનું કામ કરે ત્યારે ધ્વનિ સાંભળવાનું કામ કરી શકે નહિ. સાંભળવાનું કામ કરે ત્યારે સ્પર્શ વગેરેનું કામ કરી શકે નહિ. છદ્મસ્થ જીવ બધી ઈન્દ્રિયો દ્વારા એકી સાથે જ્ઞાન કરી શકે નહિ. કારણ કે ક્ષયોપશમજ્ઞાનની એવી જ લાયકાત છે. કોઈ કહે કે ઈન્દ્રિયોમાં કચાશ છે માટે જણાતું નથી. તો તે વાત ખોટી છે. આંખો ફૂટી ગઈ માટે ન જાણ્યું, કાનોમાં ફેરફાર થયો માટે સાંભળવાનું જ્ઞાન ન થયું—એ માન્યતા ખોટી છે, દર્દીને ક્લોરોફોર્મ સુંઘાડવામાં આવે ત્યારે જ્ઞાનની દશા હીણી થઈ છે તે ક્લોરોફોર્મને લઈને થઈ નથી, અને સ્થૂળ ઉપયોગરૂપ કામ કરતી દેખાય છે તે ક્લોરોફોર્મની અસર પૂરી થઈ છે માટે એમ થયું—એમ પણ નથી. ક્ષયોપશમજ્ઞાનની તે તે વખતની એવી જ યોગ્યતા છે.

ક્ષયોપશમજ્ઞાન—કાગડાના બે ડોળામાં એક કીકીની માફક-શીઘ્ર ગતિએ કામ કરે

| શ્રી સંભવનાથ સ્તુતિ | ખવિજલી સમ ચંચલં સુખ વિષયકા,<br>કરૈ વૃદ્ધિ તૃષ્ણામઈ રોગ જિયકા; | શ્રી સ્વયંભૂ–સ્તોત્ર |
|---|---|---|

છે એટલે સ્થૂળ દૃષ્ટિથી અજ્ઞાનીને એમ લાગે છે કે પોતાનું જ્ઞાન બધે એકીસાથે કામ કરે છે પણ તે તેની ભ્રમણા છે. ક્ષયોપશમજ્ઞાન એક વખતે એક જ ઈન્દ્રિય દ્વારા ક્રમપૂર્વક એક પછી એક વિષયનું જ જ્ઞાન કરી શકે છે. સંસારદશામાં આમ જ્ઞાન પરાધીન છે. કોઈ જીવ હજારો અવધાન કરતો હોય ત્યારે પણ પ્રશ્ન સાંભળતી વખતે તેનો ઉપયોગ બીજી ઈન્દ્રિયો તરફ હોતો નથી. આવી રીતે જે ક્રમપૂર્વક જ્ઞાન થાય છે તે પરાધીન છે ને દુઃખનું કારણ છે.

અજ્ઞાની જીવનું લક્ષ ભલે ભગવાન તરફ તથા તેમની વાણી તરફ હોય પણ જ્યાં સુધી જ્ઞાન જ્ઞાતાનું છે એમ દૃષ્ટિ કરી, ચૈતન્ય તરફ ન વળે તો તેનો પરલક્ષી ઘણો ઉઘાડ પણ અજ્ઞાનભાવ છે, સંસારભાવ છે. તે જ્ઞાનને ઈન્દ્રિયજ્ઞાન કહીને અહીં હેય બતાવ્યું છે.

પોતાના જ્ઞાનપર્યાયનો, પર્યાયવાન જ્ઞાતા ભગવાન સાથે સંબંધ કરવો તે જ ઉપાદેય છે. સમ્યગ્દૃષ્ટિ જીવને જ્ઞાતા તરફનું વલણ જ મુખ્ય છે ને તે વલણ જ્ઞાતા સાથે સર્વથા અભેદ થતાં કેવળજ્ઞાન પ્રગટે છે.

ક્ષયોપશમભાવ પરના આશ્રયે કામ કરે છે તે અધર્મ છે ને પર જેટલો-અંશ જેટલો માને તે પણ પર્યાયબુદ્ધિ છે, હેય છે. ઈન્દ્રિયજ્ઞાન પરાધીન છે, ક્રમે કામ કરે છે. માટે છોડવા યોગ્ય છે. જે જ્ઞાન ધ્રુવસ્વભાવી સ્વ-દ્રવ્યના આશ્રયે કામ કરે તે જ્ઞાન ધર્મ છે, ને તે જ ઉપાદેય છે.

## ઈન્દ્રિયજ્ઞાન દુઃખરૂપ છે

આ આત્મા છે તેનો જ્ઞાન સ્વભાવ છે. ઈન્દ્રિયો જડ છે, પુદ્‌ગલ છે, પરદ્રવ્ય છે, આત્મદ્રવ્ય નથી. ઈન્દ્રિયોના લક્ષે જ્ઞાન થાય તે શુભાશુભભાવ ઉત્પન્ન કરે છે. ખાવા-પીવાના પદાર્થો, વેપાર આદિ તરફ ઈન્દ્રિયજ્ઞાન લક્ષ કરે તો પાપની ઉત્પત્તિ થાય છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ ઈન્દ્રિયજ્ઞાન લક્ષ કરે તો પુણ્યની ઉત્પત્તિ થાય છે, એટલે કે વિકારની જ ઉત્પત્તિ થાય છે, અધર્મ થાય છે, દુઃખ થાય છે. ધર્મ અથવા સુખની ઉત્પત્તિ થતી નથી. કેવળ ચૈતન્ય ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે તેના આશ્રયે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે ખરેખર પ્રત્યક્ષ છે, તે સુખ છે, ધર્મ છે. અહીં કેવળજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું છે પણ નીચલી દશાવાળો જીવ આવી શ્રદ્ધા કરી પોતાના સ્વભાવ તરફ જ્ઞાનના પર્યાયને વાળે ને અતીન્દ્રિય કામ કરે તો તેને અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થાય છે ને ધર્મ થાય છે ને કેવળજ્ઞાન તેના ફળમાં થાય છે.

સદા દાહ ચિત્તમેં કુતૃષ્ણા બઢાવે,<br>
જગત દુઃખ ભોગે, પ્રભૂ હમ બતાવે. ૧૩

અજ્ઞાની જીવ ત્રિકાળી સ્વભાવને ચૂકીને વર્તમાન પર્યાયમાં પરપદાર્થનું ઠીક-અઠીકપણું કલ્પે છે, ને સંસાર ઊભો કરે છે. પાંચ ઈન્દ્રયો, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દના સ્વભાવવાળી છે, ને આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વભાવવાળો છે. બંનેના સ્વભાવ જુદા જુદા છે, જેથી આ ઈન્દ્રિયો આત્મસ્વભાવને સ્પર્શતી જ નથી. આત્માના જ્ઞાનનો સંબંધ ગુણી એવા આત્મદ્રવ્ય સાથે છે પણ જ્ઞાનને જડ ઈન્દ્રિયો સાથે સંબંધ માનવો તે અધર્મ છે.

પોતાના સ્વભાવનો આશ્રય ચૂકીને જે જ્ઞાનનો પર્યાય ઈન્દ્રિયનો આશ્રય લેવા જાય છે તે જ્ઞાન પ્રત્યક્ષ નથી તેનાથી શુભાશુભભાવ થાય છે. અહીં પર્યાયબુદ્ધિ છોડાવી દ્રવ્યદ્રષ્ટિ-સ્વભાવદ્રષ્ટિ-કરાવવાની વાત છે.

“પરનો એટલે ઈન્દ્રિયનો નાતો તોડ, ને સ્વનો-ત્રિકાળીનો નાતો જોડ.”

વર્તમાનમાં છદ્મસ્થ જીવ પોતાના ચૈતન્યસ્વભાવને ચૂકીને પર વસ્તુનું જ્ઞાન કરે છે ત્યારે તેમાં મન વગેરે છ નિમિત્તો હોય છે.

(૧) અંતઃકરણ = દ્રવ્યમન. (૨) ઈન્દ્રિય = પાંચ દ્રવ્ય ઈન્દ્રિયો.

(૩) પરોપદેશ = અન્યનો ઉપદેશ (ગુરુનો ઉપદેશ અગર ભગવાનની વાણી.)

(૪) ઉપલબ્ધિ = પરપદાર્થને જાણવાની લબ્ધરૂપ શક્તિ.

(૫) સંસ્કાર = પૂર્વ પર્યાયમાં જાણેલા પદાર્થની ધારણા.

(૬) પ્રકાશ = પ્રકાશ.

આ છને લક્ષે થતું જ્ઞાન પરોક્ષ છે. ઈન્દ્રિયો, વાણી વગેરે પરપદાર્થથી જ્ઞાન કે સુખ થાય તે વાત તો છે જ નહિ. પણ તેને લક્ષે થતું જ્ઞાન પણ પરોક્ષ છે. દુઃખદાયક છે, હેય છે.

વિશિષ્ટતા એ છે કે અંતઃકરણ, ઈન્દ્રિયો, પરોપદેશ ને પ્રકાશ તો પરવસ્તુ જ છે. પણ અહીં ઉપલબ્ધિ તથા સંસ્કાર જે આત્માના જ્ઞાનગુણની અવસ્થા છે તે પર પદાર્થને જાણવાના ઉઘાડવાળી હોવાથી તેને પણ અહીં પરવસ્તુ ગણી છે. તેનો ખુલાસો એ છે કે તે અધૂરો પર્યાય છે, વધઘટ થતી હોવાથી તે પલટન પામે છે. અંશ છે તેને લક્ષે જે જ્ઞાન થાય તે પણ પરોક્ષ છે. તેના લક્ષે આત્મજ્ઞાન અથવા ધર્મ થતો નથી. અથવા સાધકદશામાં પણ પ્રત્યક્ષ જ્ઞાનની ઉત્તરોત્તર નિર્મળતા. અધૂરી પર્યાયને લક્ષે થતી નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

જુ હૈ મોક્ષ બન્ધં, વ હૈ હેતુ ઉનકા,
બંધા અર ખુલા જિય, ફલં જો છુટનકા;

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૬, ગાથા - ૩૪)

## સ્વ-પરની જુદાઈ

જીવ સમજ્યો ત્યારે કહેવાય કે સર્વજ્ઞોએ, શાસ્ત્રે, ગુરુએ જે સ્વપરની ભિન્નતા કરવાનું કહ્યું તે પ્રમાણે પોતે ભેદજ્ઞાન કરે ત્યારે સમજ્યો કહેવાય. દેવ-શાસ્ત્ર-ગુરુ જે ભાવ કહેવા માગે છે તેને પાત્ર જીવ બરાબર ઝીલીને તે ભાવ પ્રગટ કરે છે.

''લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'' સર્વજ્ઞ ભગવાન, ગુરુ, શાસ્ત્ર બધાં એક જ સાર કહે છે 'રાગ અને આત્માનું ભેદજ્ઞાન કરો' આ જ ભાવને પાત્ર જીવ ઝીલી લે છે.

ભગવાન આત્મા નિત્યાનંદ સ્વરૂપ છે. તેમાં પુણ્ય-પાપના વિકલ્પો તે અનિત્ય ક્ષણિક અને સ્વભાવથી વિપરીત છે, તે વિપરીત અને અવિપરીત સ્વભાવમાં ભેદ પાડી તેનો વારંવાર અભ્યાસ કરતાં સ્વાધીન અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય છે, તે જ જીવનો ધર્મ છે. આ ધર્મની ટૂંકી અને સરળ વ્યાખ્યા છે. આહાહા...! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના બધા શાસ્ત્રોનો સાર આ એક શ્લોકમાં મૂકી દીધો છે.

પૂજ્યપાદસ્વામી કહે છે કે હે પાત્ર શિષ્ય ! તું જ્ઞાન સ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુના અનુભવથી રાગને જુદો પાડ ! ખરેખર તો સ્વભાવમાં એકાગ્રતા થતાં રાગ ઊભો થતો જ નથી. તેને રાગથી તું જુદો પાડ એમ કહ્યું છે.

આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે અને રાગાદિ તેનાથી પર છે એમ કહીને આત્મા અને રાગ બંને ચીજને સાબિત કરી છે. એક કોર રામ અને એક કોર ગામની જેમ અહીં એક કોર જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ ભગવાન ચૈતન્ય અને એક તરફ રાગ, વિકલ્પ આદિ બધું. એ બેની જુદાઈનો અભ્યાસ કરતાં કરતાં કોઈ પણ જાતના કષ્ટ વિના અતીન્દ્રિય સ્વાધીન આનંદને અનુભવે છે. ઉપવાસ આદિના કષ્ટને સહન કરે તો આનંદ થાય—એમ નથી.

જે કરવાનું છે તે ભગવાને કહી દીધું—'ભેદજ્ઞાન કરો' તે એક જ માર્ગ છે. ઉપવાસ, વ્રતાદિ સાથે હોય પણ તે કોઈ માર્ગ નથી. મુનિરાજે અહીં ટૂંકામાં ઘણો મર્મ સમજાવીને માખણની વાતુ લખી છે.

**પ્રભૂ સ્યાદ્વાદી, તુમ્હીં ઠીક કહતે,**
**ન એકાંત મતકે કભી પાર લહતે. ૧૪**

હવે આગળ શિષ્ય પ્રશ્ન પૂછે છે 'મોક્ષ સુખના અનુભવના વિષયમાં ગુરુ કોણ હોય છે ?' તેના ઉત્તરમાં ૩૪મો શ્લોક કહે છે.

स्वस्मिन्सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वतः ॥
स्वयं हित (तं) प्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ॥३४॥

નિજ હિત અભિલાષી સ્વયં, નિજ હિત નેતા આત્મ,
નિજ હિત પ્રેરક છે સ્વયં, આત્માનો ગુરુ આત્મ. ૩૪.

જે સત્‌ના કલ્યાણના વાંછક છે, અને જે સત્‌ની વાંછા-ઈચ્છા થઈ તેના હિતના ઉપાયને બતાવવાવાળા છે તથા હિતના પ્રવર્તક છે તેને ગુરુ કહેવાય છે.

ખરેખર તો જ્યારે આત્મા પોતે કલ્યાણનો વાંછક થાય છે ત્યારે એ કલ્યાણ કેમ થાય તેનો ઉપાય પોતે પોતાને બતાવે છે કે ભાઈ ! રાગથી જુદો પડ અને સ્વભાવમાં એકાગ્ર થા. એ મોક્ષસુખનો હિતનો ઉપાય છે એમ પોતે પોતાને હિતનો રસ્તો બતાવી તેમાં પ્રવર્તન કરે છે માટે આત્માનો ગુરુ આત્મ પોતે જ છે.

સર્વજ્ઞ કહે, શાસ્ત્ર કહે ગુરુ કહે પણ એ ભાવ જ્યાં સુધી પોતાને ભાવથી ન બેસે ત્યાં સુધી આત્મા ક્યાંથી પ્રાપ્ત થાય ? જ્યારે પોતે પોતાને સમજાવે છે કે અરે આત્મા ! તું આનંદ સ્વરૂપ આત્માની અભિલાષા કર અને એ અભિલાષાના ઉપાયમાં રાગ અને વિકલ્પથી જુદો પડ, તે શાંતિનો ઉપાય છે—એમ પોતે પોતાને જણાવે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ તો ઘણું સમજાવે છે પણ જીવ પોતે જ રાગથી ખસીને સ્વભાવની પ્રાપ્તિનો ઉપાય ન કરે તો દેવ-શાસ્ત્ર-ગુરુ તો ઘણું સમજાવે પણ જીવ પોતે જ રાગથી ખસીને સ્વભાવની પ્રાપ્તિનો ઉપાય ન કરે તો દેવ-શાસ્ત્ર-ગુરુ શું કરે ? માટે આત્મા પોતે જ પોતાનો ગુરુ છે.

બાપુ ! તારા મારગડા એવા છે કે તેનો દુનિયા સાથે મેળ ખાય તેમ નથી. પ્રભુ કહે છે કે આ માર્ગ ને તું દુનિયા સાથે મેળવીશ નહિ. આ માર્ગની જાત જ કોઈ જુદી છે.

આ જીવને ભૂતકાળમાં અનંતવાર સાક્ષાત્ તીર્થંકરનો યોગ પણ બન્યો છે અને ભગવાનની દિવ્યધ્વનિમાં આત્માના હિતનો ઉપાય સાંભળ્યો પણ છે પરંતુ પોતે અંદરમાં હિતનો ઉપાય ન કરે, કલ્યાણનો વાંછક થઈને હિત તરફ ન પ્રેરાય તો તીર્થંકર પણ તેને શું કરે ?

જહાં ઈન્દ્ર ભી હારતા ગુણકથનમેં,
કહાં શક્તિ મેરી તુઝી થુતિ કરનમેં;

શ્રોતા : પહેલાં તો હિતની વાત દેવ-ગુરુ પાસેથી સાંભળે ત્યારે હિતનો ઉપાય કરે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પોતે હિતનો રસ્તો લે તો દેવ-ગુરુના ઉપદેશને નિમિત્ત કહેવાય છે. પોતાની જાતથી સમજે ત્યારે જ તેને ગુરુની કિંમત થશે કે અહો ! આ તો સત્ય વાત કહેનાર છે. નિશ્ચય પ્રગટે તેને ગુરુ પ્રત્યે વિનય અને ભક્તિનો ભાવ (વ્યવહાર) ઊઠે છે. સત્‌ની સમજણ વગર વિનય-ભક્તિનો સાચો વ્યવહાર પણ આવતો નથી.

હે આત્મા ! ભગવાન તો આવો ઉપદેશ આપે છે પણ તને બેસે છે કે નહિ ? બેસાડ ભાઈ ! બેસાડ. રાગથી જુદું તારું તત્ત્વ બાપુ ! તેનો અભ્યાસ કર ! અભ્યાસ કરીને તેમાં ઠરવું એ તારું કાર્ય છે તે બીજું કોઈ કરી આપે તેમ નથી.

લોકોમાં કહેવત છે કે ‘જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે ?’ તેમ શિષ્ય પોતે તૈયાર ન થાય તો ગુરુ તેને શું કરે ? માટે જ અહીં ઈષ્ટોપદેશમાં કહે છે કે તું તારો ગુરુ થાય તો તારું હિત થાય અને ત્યારે જ તને ગુરુના વિનય-ભક્તિનો વ્યવહાર આવશે. નિશ્ચય પ્રગટ થાય તો વ્યવહાર આવે. એ વાત અહીં સિદ્ધ થાય છે.

પરથી અને રાગથી છુટીને સ્વાભાવિક સુખ પ્રગટ કરવાની જેને ઇચ્છા છે તેની અહીં વાત ચાલે છે. જેને હજું પુણ્ય અને પુણ્યના ફળમાં મળતા સંયોગોમાંથી સુખ લેવાની ઈચ્છા છે તેની વાત નથી. જેને ‘‘કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ’’ એવી અભિલાષા છે તેને જ સાચી અભિલાષા છે અને તે જ હિતનો સાચો ઉપાય કરી શકે છે.

અહો ! શાશ્વત સુખની કાંક્ષા કરનાર આત્મ પોતે છે અને તેના ઉપાયરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ બતાવનારો પણ પોતે છે. જણાવનાર પણ પોતે છે અને જાણનાર પણ પોતે છે. આમ હિતનો કાંક્ષક પોતે છે, હિતનો ઉપાય બતાવનાર પણ પોતે છે અને હિતરૂપે પ્રવર્તનાર પણ પોતે છે માટે ખરેખર આત્મા જ ગુરુ છે અને આત્મા જ પોતાનો શિષ્ય છે.

કોઈ સાધુ નામ ધરાવે, બ્રહ્મચારી નામ ધરાવે, પંડિત નામ ધરાવે પણ તેની પાછળ બહાર પડવાની જ ભાવના હોય, માન મેળવવાની ઈચ્છા હોય તેને અંતરમાં હોળી સળગે છે, તેને ખરેખર સત્‌ સુખની ઈચ્છા નથી. માનની ઇચ્છા છે, એ તો અનાદિથી કરતો જ આવ્યો છે તેમાં નવું શું કર્યું ?

તદપિ ભક્તિવશ પુણ્ય યશ ગાન કરતા;
પ્રભૂ દીજિયે નિત શિવાનન્દ પરતા. ૧૫

આત્મા પોતે પૂર્ણાનંદની ખાણ છે, તેમાંથી જ મોક્ષ પ્રગટ થાય તેમ છે. બાકી, 'તારે તે તરે' તે જૂઠી છે. 'તરે તે તારે' એ પણ નિમિત્તનું કથન છે. પાત્રજીવ હોય અને પોતાના પુરુષાર્થથી તરે ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુ તેમાં નિમિત્ત કહેવાય.

પાત્ર જીવને તો એક જ અભિલાષા હોય કે મારે તો એક સત્ જોઈએ. શાશ્વત મોક્ષની જ મને વાંછા છે, બાકી સંયોગો તો અસાર છે, વિકાર પણ અસાર છે, તે કાંઈ મારે જોઈતું નથી. જગતના આબરૂ-કીર્તિ મારે જોઈતી નથી. આમ જેને એકમાત્ર સત્‌ની જ વાંછા છે તેને કહે છે કે સત્પ્રાપ્તિનો ઉપાય પણ તારામાં જ છે.

ભાઈ ! તું બહારની બધી અભિલાષા છોડી દે અને એક સત્..સત્...સત્...શાશ્વત સુખરૂપ પરથી તદ્દન મુક્ત અને સ્વથી પરિપૂર્ણ એવા મોક્ષની અભિલાષા કર !

તેનો ઉપાય જાણ અને તેમાં પ્રવર્તન કર ! આવી અભિલાષા કરનારો અને તેનો ઉપાય શોધી તેમાં પ્રવર્તન કરનારો તું પોતે જ તારો ગુરુ છો.

શ્રોતા : પારસમણિ તો લોઢાને સોનું બનાવી દે છે પણ પારસમણિ નહિ, પરંતુ આપ ગુરુ તો અમને ગુરુ બનાવી દ્યો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી : પારસણમણિ પણ કાટવાળા લોઢાને સોનું બનાવતું નથી, સારું લોઢું હોય તો જ સોનું બને તેમ, પાત્ર જીવ હોય તે જ પોતાનો ગુરુ બની શકે છે, અપાત્ર જીવ પોતાનો ગુરુ બનતો નથી. માટે જીવની પોતાની પાત્રતા જોઈએ.

જાણપણું વિશેષ થાય કે ન થાય, બોલતા આવડે કે ન આવડે એ બધી વાત એક તરફ રાખીને અહીં તો એક જ જેને મોક્ષની ઈચ્છા છે અને મોક્ષનો ઉપાય શોધે છે અને તેમાં પ્રવર્તન કરે છે તેને જ ગુરુ કહ્યો છે.

મોક્ષ એટલે પરથી અને રાગથી રહિત પરમાનંદ સ્વરૂપ આત્માનો આનંદ. તેની જ જેને અભિલાષા છે તે મોક્ષના ઉપાય જાણવાનો પ્રયત્ન કરે છે અને જાણીને પોતે પોતાને બતાવે છે કે સ્વરૂપમાં ઠરવું અને બહારથી ખસવું તે એક જ મોક્ષનો ઉપાય છે, આમ જાણીને તેમાં જે પ્રવર્તન કરે છે તે પોતે જ પોતાનો ગુરુ છે અને જે નિશ્ચય ગુરુ પોતે છે, તેને જ વ્યવહાર ગુરુનું બહુમાન, વિનય અને ભક્તિના ભાવ આવે છે. (ક્રમશઃ)

**શ્રી અભિનંદન જિન-સ્તુતિ**

આત્મગુણ વૃદ્ધિતે નાથ અભિનન્દના,
ધર અહિંસા વધૂ, ક્ષાંતિ સેવિત ઘના;



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**સમ્યગ્દષ્ટિની અંદરની દશાનું વર્ણન**

**સવિકલ્પતા કે નિર્વિકલ્પતા બંને વખતે સમ્યક્ત્વ સરખું છે.**

હવે સમ્યગ્દષ્ટિને આવા મતિ–શ્રુતજ્ઞાન જ્યારે સ્વાનુભવમાં પ્રવર્તે ત્યારે તો નિર્વિકલ્પતા હોય છે, અને જ્યારે બહારના શુભાશુભકાર્યોમાં પ્રવર્તે ત્યારે સવિકલ્પતા હોય છે. પરંતુ સવિકલ્પતા હો કે નિર્વિકલ્પતા હો—સમ્યગ્દર્શન તો બંને વખતે એવું ને એવું વર્તે છે. કાંઈ એમ નથી કે નિર્વિકલ્પતા વખતે સમ્યગ્દર્શન વધુ નિર્મળ થઈ જાય ને સવિકલ્પતા વખતે તે મલિન થઈ જાય. કોઈને સવિકલ્પતા હોય છતાં ક્ષાયિક સમ્યક્ત્વ વર્તતું હોય. કોઈને નિર્વિકલ્પતા હોવા છતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વર્તતું હોય. એટલે સમકિતની નિર્મળતાનું કે નિશ્ચય–વ્યવહારનું માપ સવિકલ્પતા–નિર્વિકલ્પતા ઉપરથી નથી થતું. હા, એમાં એટલો નિયમ ખરો કે સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળે નિર્વિકલ્પ અનુભૂતિ હોય જ, અને મિથ્યાદષ્ટિને તો નિર્વિકલ્પ અનુભૂતિ કદી હોઈ શકે જ નહિ. પરંતુ સમ્યગ્દષ્ટિને નિર્વિકલ્પ ઉપયોગ સદાય રહે એવું એ બંનેનું સદાય અવિનાભાવીપણું નથી.

અહીં એ પ્રશ્ન સમજાવે છે કે શુભ–અશુભમાં ઉપયોગ વર્તતો હોય ત્યારે સમ્યક્ત્વનું અસ્તિત્વ કઈ રીતે હોય?—ભાઈ જી! સમકિત એ કાંઈ ઉપયોગ નથી, સમકિત એ તો પ્રતીતિ છે. શુભાશુભમાં ઉપયોગ વર્તતો હોય ત્યારે પણ શુદ્ધાત્માનું અંતરંગશ્રદ્ધાન તો ધર્મીને એવું ને એવું વર્તે છે; સ્વ–પરનું જે ભેદવિજ્ઞાન થયું છે તે તો તે વખતે પણ વર્તી જ રહ્યું છે. આ શુભ–અશુભ મારો સ્વભાવ નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ છું—એવી નિશ્ચય અંતરંગશ્રદ્ધા ધર્મીને શુભ–અશુભ વખતેય ખસતી નથી. જેમ ગુમાસ્તો શેઠના કાર્યોમાં પ્રવર્તે છે, નફો–નુકસાન થતાં હર્ષ–વિષાદ પણ પામે છે, છતાં અંતરમાં ભાન છે કે આ નફા-નુકસાનનો સ્વામી હું નથી. જો શેઠની મિલકતને ખરેખર પોતાની માની લ્યે તો ચોર કહેવાય. તેમ ધર્માત્માનો ઉપયોગ શુભ–અશુભમાં ય જાય છે, શુભ–અશુભરૂપે પરિણમે છે, તોપણ અંતરમાં તે જ વખતે તેને

**આત્મમય ધ્યાનકી, સિદ્ધિકે કારણે,**
**હોય નિર્ગ્રંથ પર, દોય વિધિ ટારણે. ૧૬**

શ્રદ્ધાન છે કે આ કાર્ય મારાં નથી, તેનો સ્વામી હું નથી; શુદ્ધ ઉપયોગ વખતે જેવી પ્રતીત વર્તતી હતી, અશુભ ઉપયોગ વખતે પણ એવી જ પ્રતીત શુદ્ધાત્માની વર્તે છે. એટલે તેને શુભ–અશુભ વખતેય સમ્યક્ત્વમાં બાધા આવતી નથી. જો પરભાવોને પોતાના માને કે દેહાદિ પર દ્રવ્યની ક્રિયાને પોતાની માને–તો તત્ત્વશ્રદ્ધાનમાં વિપરીતતા થાય એટલે મિથ્યાત્વ થાય.

વળી, નિર્વિકલ્પતા વખતે નિશ્ચયસમ્યક્ત્વ, ને સવિકલ્પતા વખતે વ્યવહાર-સમ્યક્ત્વ–એમ પણ નથી. ચોથા ગુણસ્થાને મિથ્યાત્વને નષ્ટ કરીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિપૂર્વક શુદ્ધાત્મપ્રતીતરૂપ જે સમ્યગ્દર્શન પ્રગટ્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે; અને આ નિશ્ચય સમ્યગ્દર્શન સવિકલ્પ કે નિર્વિકલ્પ બંને દશા વખતે એકસરખું જ છે. સ્વાનુભવ વખતે તો નિર્વિકલ્પતા હોય છે. સમ્યગ્દષ્ટિને જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ્યું ત્યારે તો સ્વાનુભવ અને નિર્વિકલ્પતા થઈ, પણ તે નિર્વિકલ્પ–સ્વાનુભવમાં સદાકાળ રહી શકે નહિ, નિર્વિકલ્પ દશા લાંબો કાળ ટકે નહિ; પછી સવિકલ્પદશામાં આવતાં શુભ કે અશુભમાં ઉપયોગ જોડાય. અને શુદ્ધાત્મપ્રતીત તો તે વખતેય ચાલુ જ રહે.–આવી સમકિતી મહાત્માની સ્થિતિ છે. પોતાના શુદ્ધ આત્મભાવ સિવાય બીજા કોઈના સ્વામીત્વપણે તે કદી પરિણમતા નથી.

ધર્મીને શુભભાવ વખતે પણ સમ્યક્ત્વ હોય છે–એમ કહ્યું, તેથી એમ ન સમજી જવું કે તે શુભભાવ કરતાં કરતાં સમ્યક્ત્વ થઈ જશે. જો તે શુભભાવને સ્વભાવની ચીજ માનીને તેનું સ્વામિત્વ કરે અથવા તે શુભભાવને સમ્યક્ત્વનું કારણ માને તો તે જીવને શુભની સાથે સમ્યક્ત્વ નથી હોતું, પણ શુભની સાથે મિથ્યાત્વ હોય છે. શુભ વખતે જેને શુભથી રહિત એવા શુદ્ધાત્માની શ્રદ્ધા વર્તે છે તે જ સમ્યગ્દષ્ટિ છે.

સમ્યગ્દર્શન થયા પછી જો શુભ–અશુભ પરિણામ થાય જ નહિ તો તરત જ વીતરાગતા ને કેવળજ્ઞાન થઈ જાય. પણ એમ બધાને બનતું નથી. સમ્યગ્દર્શન પછી પણ જ્યાંસુધી પોતાના સ્વરૂપમાં પૂર્ણ લીનતા ન થાય ત્યાંસુધી પોતાના ચારિત્રની નબળાઈને લીધે ધર્મીને શુભ–અશુભભાવોરૂપ પરિણમન થાય છે. પણ ધર્મી એને પોતાનો સ્વભાવ જાણતો નથી તેમજ કર્મે તે કરાવ્યા છે એમ પણ માનતો નથી, પોતાના ગુણનું પરિણમન એટલું ઓછું છે એટલે તે પોતાની જ પરિણતિનો અપરાધ છે–એમ તે સમજે છે. આ રીતે સમ્યક્પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન તેને વર્તે છે.

**તન અચેતન યહી, ઔર તિસ યોગતે,**
**પ્રાપ્ત સંબંધમેં, આપપન માનતે;**

આ રીતે સમ્યગ્દષ્ટિની સવિકલ્પદશા બતાવી અને તે સવિકલ્પદશામાં સમ્યક્ત્વ હોય છે એ સમજાવ્યું. હવે તે સમ્યગ્દષ્ટિ સવિકલ્પતામાંથી ફરીને નિર્વિકલ્પ કઈ રીતે થાય છે—તે બતાવે છે.

## નિર્વિકલ્પ–સ્વાનુભૂતિ થવાનું સુંદર વર્ણન
## સ્વરૂપના ચિંતનમાં આનંદતરંગ ઊઠે છે...રોમાંચ થાય છે

‘‘હવે સવિકલ્પદ્વાર વડે નિર્વિકલ્પપરિણામ થવાનું વિધાન કહીએ છીએ : તે સમ્યગ્દષ્ટિ કદાચિત્ સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે, ત્યાં પ્રથમ સ્વ–પર સ્વરૂપનું ભેદવિજ્ઞાન કરે; નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ રહિત ચૈતન્ય-ચિત્ચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર પણ છૂટી જાય અને કેવળ સ્વાત્મવિચાર જ રહે છે; ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે, ‘હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું’ ઈત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ થાય છે; ત્યારપછી એવા વિચારો પણ છૂટી જાય અને સ્વરૂપ કેવળ ચિન્માત્રરૂપ ભાસવા લાગે, ત્યાં સર્વ પરિણામ તે-રૂપ વિષે એકાગ્ર થઈ પ્રવર્તે; દર્શન–જ્ઞાનાદિકના વા નય–પ્રમાણાદિના વિચાર પણ વિલય થઈ જાય. સવિકલ્પ–ચૈતન્યસ્વરૂપ વડે જે નિશ્ચય કર્યો હતો તેમાં જ વ્યાપ્ય–વ્યાપકરૂપ થઈ એવો પ્રવર્તે કે જ્યાં ધ્યેયપણું દૂર થઈ જાય. અને આવી દશાનું નામ નિર્વિકલ્પઅનુભવ છે.’’

જુઓ, આ સ્વાનુભવની અલૌકિક ચર્ચા. અહીં તો એકવાર જેને સ્વાનુભવ થયો હોય ને ફરીને તે નિર્વિકલ્પ–સ્વાનુભવ કરે તેની વાત કરી; પરંતુ પહેલીવાર જે નિર્વિકલ્પ–સ્વાનુભવનો ઉદ્યમ કરે છે તે પણ આ જ પ્રકારે ભેદજ્ઞાન અને સ્વરૂપચિંતનના અભ્યાસદ્વારા પરિણામને નિજસ્વરૂપમાં તલ્લીન કરીને સ્વાનુભવ કરે છે. આ નિર્વિકલ્પઅનુભવ વખતે આત્મા પોતે પોતામાં વ્યાપ્ય–વ્યાપકપણે એવો તલ્લીન વર્તે છે, એટલે કે દ્રવ્ય–ગુણ–પર્યાયની એવી એકતા થાય છે, કે ધ્યાતા–ધ્યેયના ભેદ પણ તેમાં રહેતા નથી; આત્મા પોતે પોતામાં લીન થઈને પોતાનો સ્વાનુભવ કરે છે. સ્વાનુભવના પરમ આનંદનો ભોગવટો છે પણ તેનો વિકલ્પ નથી. એક વાર આવો નિર્વિકલ્પ–અનુભવ જેને થયો હોય તેને જ નિશ્ચય સમ્યક્ત્વ જાણવું. એ અનુભવની રીત અહીં બતાવે છે.

**જો ક્ષણિક વસ્તુ હૈ, થિરપના દેખતે,**
**નાશ જગ દેખ પ્રભુ, તત્ત્વ ઉપદેશતે. ૧૭**

અહીં સમ્યગ્દષ્ટિ કઈ રીતે નિર્વિકલ્પઅનુભવ કરે છે તે બતાવ્યું છે, તેમના ઉદાહરણ પ્રમાણે બીજા જીવોને પણ નિર્વિકલ્પઅનુભવ કરવાનો એ જ ઉપાય છે—એમ સમજી લેવું.

સમ્યગ્દષ્ટિને શુભાશુભ વખતે સવિકલ્પદશામાં સમ્યક્ત્વ કયા પ્રકારે વર્તતું હોય છે તે સમજાવ્યું; હવે કહે છે કે 'તે સમ્યગ્દષ્ટિ કદાચિત્ સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે'—ચોથા ગુણસ્થાને કાંઈ સમ્યગ્દષ્ટિને વારંવાર સ્વરૂપધ્યાન નથી હોતું, પણ ક્યારેક શુભાશુભ પ્રવૃત્તિથી દૂર થઈ, શાંતપરિણામ વડે સ્વરૂપનું ધ્યાન કરવાનો ઉદ્યમ કરે છે, જે સ્વરૂપનો અપૂર્વ સ્વાદ સ્વાનુભવમાં ચાખ્યો છે તેને ફરીફરી અનુભવવા માટે તે ઉદ્યમ કરે છે. ત્યારે પ્રથમ તો સ્વ—પરના સ્વરૂપનું ભેદવિજ્ઞાન કરે એટલે કે પહેલાં જે ભેદજ્ઞાન કરેલું છે તેને ફરી ચિંતનમાં લ્યે; આ સ્થૂલ જડ દેહાદિ તો મારાથી સ્પષ્ટ ભિન્ન છે, તેના કારણરૂપ અંદરના સૂક્ષ્મ દ્રવ્યકર્મો તે પણ આત્મસ્વરૂપથી અત્યંત જુદા છે, બંનેની જાત જ જુદી છે; હું ચૈતન્ય ને એ જડ, હું પરમાત્મા ને એ પરમાણુ—એમ બંનેની ભિન્નતા છે, ને ભિન્નતા હોવાથી તે કર્મ મારું કાંઈ કરે નહિ. હવે અંદર આત્માની પર્યાયમાં ઊપજતા જે રાગ—દ્વેષ—ક્રોધાદિ ભાવકર્મો તેનાથી પણ મારું સ્વરૂપ અત્યંત જુદું છે; મારા જ્ઞાનસ્વરૂપની ને એ રાગાદિ પરભાવોની જાત જુદી છે; રાગનું વેદન તો આકુળતારૂપ છે ને જ્ઞાનનું વેદન તો શાંતિમય છે.—આમ ઘણા પ્રકારે દ્રવ્યકર્મ—નોકર્મ ને ભાવકર્મથી પોતાના સ્વરૂપની ભિન્નતાને ચિંતવે; એ બધાયથી ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર જ હું છું—એમ વિચારે. જુઓ, આવા વસ્તુસ્વરૂપના નિર્ણયમાં જ જેની ભૂલ હોય તેને તો સ્વરૂપના ધ્યાનનો સાચો ઉદ્યમ ઉપડે નહિ. કેમકે જેનું ધ્યાન કરવાનું છે તેને પહેલાં ઓળખવું તો જોઈએ ને! ઓળખ્યા વગર ધ્યાન કોનું? એ પ્રમાણે સ્વ—પરની ભિન્નતાના વિચારથી પરિણામને જરાક સ્થિર કરે પછી પરના વિચાર છૂટીને કેવળ નિજસ્વરૂપના જ વિચાર રહે. જે સ્વરૂપ પહેલાં અનુભવ્યું છે અથવા જે સ્વરૂપ નિર્ણયમાં લીધું છે તેનો અત્યંત મહિમા લાવી લાવીને તેના વિચારમાં મનને એકાગ્ર કરે છે. પરદ્રવ્યોમાંથી ને પરભાવોમાંથી તો અહંબુદ્ધિ છોડી છે ને નિજસ્વરૂપને જ પોતાનું જાણીને તેમાં જ અહંબુદ્ધિ કરી છે. હું ચિદાનંદ છું, હું શુદ્ધ છું, હું સિદ્ધ છું, હું સહજસુખસ્વરૂપ છું, અનંત શક્તિનો નિધાન હું છું, સર્વજ્ઞસ્વભાવી હું છું'—ઇત્યાદિ પ્રકારે પોતાના નિજસ્વરૂપમાં જ અહંબુદ્ધિ કરી કરીને તેને ચિંતવે છે. (ક્રમશઃ)

ક્ષુત ત્રષા રોગ પ્રતિકાર બહુ ઠાનતે,
અક્ષ સુખ ભોગ કર તૃપ્તિ નહિં માનતે;



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

દરેક ગુણની અનંત શક્તિ છે. તેની અનંતી પર્યાય છે. એક ગુણ પોતાને ઉપાદાન છે ને બીજા અનંતાને નિમિત્ત છે. જ્ઞાનગુણે અનંતા ગુણોને જાણ્યા. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા ગુણોને-દર્શન, ચારિત્ર વગેરેને જાણી લ્યે છે, તેથી અનંતા ગુણોને ધારે છે. ચારિત્રગુણનો પર્યાય અનંતા ગુણોને સ્થિરતામાં ધારી રાખે છે. આનંદની પર્યાય અનંતા ગુણોનો આનંદ ધારી ધારી રાખે છે. સમ્યગ્દર્શન પર્યાય અનંતા ગુણોની પ્રતીતિ ધારી રાખે છે. આમ એક એક ગુણની ઉપાદાનશક્તિ અનંતી છે ને એક ગુણ બીજા અનંતા ગુણોને નિમિત્ત થાય છે—એમ અનંતાને નિમિત્ત થવાની શક્તિ દરેક ગુણમાં રહેલી છે. આમ દરેક ગુણની અનંતી પર્યાય છે. આવી પ્રતીતિ કરો.

વસ્તુમાં અનંતા ગુણો છે, એક ગુણમાં અનંતી શક્તિ છે ને એક ગુણની અનંતી પર્યાય છે. જેટલા સમય તેટલા પર્યાય છે. કેવળજ્ઞાનના એક પર્યાયમાં લોકાલોક આખો જણાઈ જાય છે. એક જ્ઞાનપર્યાયમાં અનંતા ગુણોનું સામર્થ્ય, અનંતા ગુણોનું જ્ઞાન ને અનંતા પર પદાર્થોનું જ્ઞાન આવી જાય છે. લોકાલોક છે માટે જ્ઞાન છે—એમ નથી. જ્ઞાન નિરપેક્ષપણે કામ કરે છે. દરેક આત્મા પોતાની પ્રભુત્વશક્તિથી ભરેલો છે. અનંતા ગુણો અનંત મહિમાને ધારે છે. એ નિજધર્મના મહિમાને ક્યાં સુધી કહીએ?

એકદેશ નિજધર્મ કરતાં સંસાર પાર થાય છે. આત્મા આનંદકંદ છે, એવા આત્માનો અંશે આનંદ આવ્યો ને સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ્યું તેને કેવળજ્ઞાન પ્રગટ્યા વિના રહે નહિ. જેમ બીજ ઊગતા પૂર્ણિમા થાય છે. તેમ સમ્યગ્દર્શનરૂપી બીજ અથવા અંશે શુદ્ધતા પ્રગટતાં સર્વશુદ્ધ દશા પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન થયે સિદ્ધપદ થાય જ થાય—માટે તેની અનંત મહિમા છે. જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે શુભભાવ આસ્રવ છે, તેનો મહિમા નથી પણ જે સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટ્યું તેનો મહિમા છે. તે જ્ઞાન વધીને કેવળજ્ઞાન થશે. માટે આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરી નિજધર્મ ધારી પરમેશ્વરપદને પ્રગટ કરો.

થિર નહીં જીવ તન હિત ન હો દૌડના,<br>
યહ જગત્‌રૂપ ભગવાન વિજ્ઞાપના. ૧૮

આવા નિજધર્મની ધારણા કેવી રીતે હોય? આત્માના અનુભવમાં નિજધર્મની ધારણા થાય છે. કેરીના જ્ઞાન વિના કેરીનો ખ્યાલ ન આવે, તેમ આત્માના જ્ઞાન વિના આત્માનો ખ્યાલ ન આવે. આત્મા રાગરહિત છે—એમ જ્ઞાન કરે તો અનુભવ થાય. ધારણા એટલે ધારી રાખવું, તે અનુભવથી થાય છે.

સ્વભાવશક્તિની પ્રતીતિ ને રમણતાથી અનુભવ થાય છે. વ્યવહારથી, વજકાયથી કે પુણ્યથી અનુભવ થતો નથી. માટે અનુભવસાર સિદ્ધિ અર્થે નિજધર્મ અધિકાર કહ્યો.

અહીં કોઈ પ્રશ્ન કરે કે—સમ્યગ્દર્શન થતાં તરત જ સર્વથા રાગરહિત દશા પ્રગટ થઈ જતી હશે કે રાગ બાકી રહેતો હશે?

સમાધાન :—સાધકદશામાં જ્ઞાનધારા ને કર્મધારા બે પ્રવર્તે છે. બારમા ગુણસ્થાન સુધી બંને ધારા છે. બારમે રાગ નથી પણ જ્ઞાન ઓછું છે એટલી કર્મધારા છે. આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન સમ્યક્સ્વરૂપ છે તે જ્ઞાનધારા છે ને જેટલો રાગ બાકી છે તેટલી રાગદ્વેષધારા છે.

પહેલે, બીજે ને ત્રીજે ગુણસ્થાને બહિરાત્મપણું છે. પોતે આત્માનો અનુભવ નહિ કરતાં બાહ્યમાં અટકે છે તે બહિરાત્મા છે, આત્માનો અંશે અનુભવ કરે તે અંતરાત્મા છે, પૂર્ણદશા પ્રગટ કરે તે પરમાત્મા છે. શક્તિરૂપે તો બધા પરમાત્મા જ છે—શરીર, મન, વાણી, સંયોગોને પોતાના માને તે બહિરાત્મા છે. સ્વરૂપની શક્તિનો ભરોસો કરે ને અંશે નિર્મળ પર્યાય પ્રગટે તે અંતરાત્મા છે ને પૂર્ણ શુદ્ધદશા પ્રગટે તે પરમાત્મા છે.

થોડો ધર્મ ઉઘડ્યો છે ને થોડો ધર્મ ઊઘડ્યો નથી એવી દશાને મિશ્રદશા કહે છે.

હું આત્મા અખંડાનંદ છું, આનંદકંદ છું—એવી શ્રદ્ધા થઈ છે પણ રાગદ્વેષ હજી રહ્યા છે, કષાયભાવ સર્વથા ટળ્યો નથી. જેટલો કષાયઅંશ છે તેટલી રાગદ્વેષધારા છે, સમયસાર કળશ ૧૧૦માં જે વાત છે તેનું આ સ્પષ્ટીકરણ છે. આત્મા વસ્તુએ પરમાત્મા છે પણ પર્યાયમાં પરમાત્મા નથી. ચોથે ત્રણ કષાય બાકી છે, પાંચમે બે કષાય બાકી છે, મુનિને એક સંજ્વલનકષાય છે. દસમા ગુણસ્થાન સુધી રાગ હોય છે. મેડી ચડવામાં દાદરના પગથિયાં હોય છે, તેમ આત્માની પૂર્ણદશા પહોંચવા માટે ચૌદ પગથિયાં છે તેમાં પહેલેથી ત્રણ સુધી બહિરાત્મપણું છે. ચોથાથી બારમા સુધી અંતરાત્મદશા છે ને

લોલુપી ભોગ જન, નહિં અનીતિ કરે,
દોષકો દેખ જગ, ભય સદા ઉર ધરે;

તેરમે તથા ચૌદમે ગુણસ્થાને પરમાત્મદશા છે. દસમે અવ્યક્ત રાગ છે. અહીં સાધક જીવની વાત કરે છે. જેટલો રાગ-દ્વેષ છે તેટલો બાધક છે, આત્મા શુદ્ધ ચિદાનંદની પ્રતીતિ થઈ તેટલો આનંદ છે. શ્રદ્ધા આનંદને સ્વીકારે છે પણ હજી રાગ બાકી રહ્યો છે, તે કર્મના કારણે રાગ રહ્યો નથી. મલિન પર્યાય સર્વથા છૂટી નથી. દસમા ગુણસ્થાન સુધી કષાયભાવ રહેલ છે. ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા મુખ્ય છે ચોથા ગુણસ્થાને પૂજા-પ્રભાવના આદિનો વિકલ્પ હોય છે. વળી ચોથે અને પાંચમે આર્ત્ત અને રૌદ્રધ્યાન હોય છે, ને છઠ્ઠે આર્ત્તધ્યાન હોય છે પણ તેની ગૌણતા છે, દ્રવ્યસ્વભાવની મુખ્યતા છે, તેથી શ્રદ્ધાભાવ મુખ્ય છે ને કષાયભાવ ગૌણ છે—માટે કષાયને ગૌણ કહી વ્યવહાર કહી અભૂતાર્થ કહેલ છે. સમ્યગ્દર્શન થયું કે તુરત જ સર્વ પર્યાયો પૂર્ણ નિર્મળ થઈ ગઈ—એમ નથી. જેટલો રાગ છે તેટલો દોષ છે.

અહીં કહે છે કે આત્માની શ્રદ્ધા થવી તે મુખ્યભાવ છે. અલ્પ રાગ ગૌણ છે. અખંડભાવ પૂરો થયો નથી, પરમાત્મદશા થઈ નથી, થોડો ધર્મ પ્રગટ્યો છે ને થોડો પ્રગટ્યો નથી, માટે તેને મિશ્રધર્મ કહે છે. તે ચોથાથી બારમા સુધી હોય છે.

(ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ) (પ્રવચનસાર પ્રવચન)

મતિ-શ્રુત, અવધિ ને મનઃપર્યયજ્ઞાન જે જ્ઞાનની ઊઘાડરૂપ અવસ્થા તે તરફનું લક્ષ પણ લાભનું કારણ નથી. ને તેના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટતું નથી. કારણ તે પણ અવસ્થાઓ—એટલે કે અંશ છે, ભેદ છે, વિનાશ છે. તેના ઉપર લક્ષ કરતાં જીવને રાગ થાય છે. એ રીતે જ્ઞાન રાગમાં રોકાય છે તેથી કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. સાધકદશામાં પણ જ્ઞાનની નિર્મળતા અખંડ ચૈતન્યના આશ્રયે જ થાય છે, વધે છે ને કેવળજ્ઞાન પણ અખંડના લક્ષે જ થાય છે. માટે સર્વ ભેદોનો આશ્રય છોડી—પર નિમિત્તો અને વર્તમાન જ્ઞાનગુણના પર્યાયની અપેક્ષા છોડી દઈને એક ત્રિકાળી શુદ્ધ ચૈતન્યદ્રવ્યનો આશ્રય કરવાથી જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે ને તે કેવળ આત્માથી જ ઉત્પન્ન થાય છે તેથી મહાપ્રત્યક્ષ છે, ને તે જ સુખનું કારણ છે માટે તે ઉપાદેય છે.

છદ્મસ્થદશામાં કેવળજ્ઞાન પ્રગટ નથી તો નીચલી દશાવાળાએ કેવળજ્ઞાનને કેવી રીતે ઉપાદેય માનવું ? તો કહે છે કે જે સાધકજીવ વર્તમાન બહારના નિમિત્તો તથા પર્યાય જે અંશરૂપ છે તેનો આશ્રય છોડી પોતાના વર્તમાન પર્યાયને પોતાના ત્રિકાળી સ્વભાવ સાથે જોડે છે તેને કેવળજ્ઞાન પ્રગટ થાય છે ને સુખ થાય છે માટે જેણે પોતાના શુદ્ધસ્વભાવને ઉપાદેય માન્યો તેણે કેવળજ્ઞાન ઉપાદેય માન્યું કહેવાય. (ક્રમશઃ)



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
(પ્રવચન ત્રીજું) (શ્રાવણ વદ ૧૪ ગુરુવાર)

**૪૪. અસમાનજાતિ** :—આત્મા અને શરીર એ બન્ને અસમાન છે, જુદી જુદી વસ્તુઓ છે. તે બન્નેના સંયોગે મનુષ્ય વગેરે પર્યાય કહેવી તે અસમાનજાતિ પર્યાય છે. શરીર અને આત્મા અસમાનજાતિ છે, તેથી આત્મા શરીરનું કાંઈ ન કરી શકે અને શરીરથી આત્માનું કાંઈ ન થાય. શરીરને આશ્રયે આત્મા ધર્મ કરી શકે નહીં, કેમકે તે બન્નેની જાત જુદી છે. આત્મા અરૂપી જાણનાર-સ્વરૂપ વસ્તુ છે તે દેહાદિ રૂપી જડ વસ્તુનું કાંઈ પણ કરી શકે નહિ, અને પરદ્રવ્યો આત્માનું કાંઈ કરે નહીં.

**૪૫. વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય** :—પરદ્રવ્યના નિમિત્તથી થતી વિકારી આકારની અવસ્થાને વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય કહે છે. આ પર્યાય જીવ અને પુદ્‌ગલોમાં જ હોય છે. વિભાવ=વિકારી, દ્રવ્ય=વસ્તુ, વ્યંજનપર્યાય= પ્રગટ અવસ્થા. મનુષ્ય, નારક, દેવ વગેરે જીવની વિભાવવ્યંજનપર્યાય છે, અને સ્કંધ તે પુદ્‌ગલની વિભાવવ્યંજનપર્યાય છે. કોઈને એમ થાય કે એક કલાકમાં અનેક પ્રકારની વાત આવે, એમાં પકડવી કેટલી? તો મૂળ વસ્તુ સમજાવવા માટે બધા પડખાની વાતો આવે, છતાં જન્મ-મરણ ટાળવા માટે જેને સત્‌ની જિજ્ઞાસા અંતરથી જાગી છે તે મૂંઝાય નહીં. આ મૂળ રકમોનો નિર્ણય કર્યા વિના જન્મ-મરણ ટાળવાનો ઉપાય હાથ આવે નહીં.

**૪૬. સ્વભાવવ્યંજનપર્યાય** :—પરનિમિત્તના સંયોગ વગર પ્રદેશત્વ-ગુણની જે પર્યાય થાય છે તેને સ્વભાવવ્યંજનપર્યાય કહેવાય છે; જીવની સિદ્ધપર્યાય અને એક છૂટો પરમાણુ તે સ્વભાવવ્યંજનપર્યાય છે.

**૪૭. સ્વભાવઅર્થપર્યાય** :—અગુરુલઘુગુણના પરિણમનને સ્વભાવ-પર્યાય અથવા તો સ્વભાવઅર્થપર્યાય કહે છે, તે સૂક્ષ્મ છે. ચોપડાના નામા મેળવવા માટે રાતે જાગીને પણ મેળ મેળવે છે, તો આ તો ભગવાનના ચોપડા સાથે નામું મેળવવું છે. આ મોંઘું માન્યું છે તેથી મોંઘું પડે છે, ખરેખર મોંઘું નથી. આ તો એના ઘરની વાત છે, ઘરની વાતને મોંઘી કેમ કહેવાય?

**હૈ વિષય મગ્નતા, દોઉ ભવ હાનિકર,**
**સુજ્ઞ ક્યોં લીન હો, આપ મત જાનકર. ૧૯**

**૪૮. શુદ્ધઅર્થપર્યાય** :—પરની ઉપાધિ રહિત પ્રદેશત્વ ગુણ સિવાયના ગુણની પર્યાયને શુદ્ધઅર્થપર્યાય કહે છે. કેવળજ્ઞાન તે શુદ્ધઅર્થપર્યાય છે.

**૪૯. અશુદ્ધઅર્થપર્યાય** :—પરની ઉપાધિથી જે અવસ્થા થાય તે અશુદ્ધ-અર્થપર્યાય છે; રાગ–દ્વેષ તે પરની અપેક્ષાથી થાય છે, માટે તે અશુદ્ધઅર્થપર્યાય છે.

**૫૦. સામાન્યગુણ** :—જે ગુણ છએ દ્રવ્યોમાં હોય તેને સામાન્યગુણ કહે છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ વગેરે સામાન્યગુણો છે તે બધી વસ્તુઓમાં હોય છે.

**૫૧. વિશેષગુણ** :—જે ગુણ બધા દ્રવ્યોમાં ન હોય એવા ગુણને વિશેષગુણ કહે છે. આત્માના જ્ઞાન, દર્શન વગેરે ગુણો છે તે બીજા દ્રવ્યોમાં નથી, તેથી જ્ઞાન, દર્શન વગેરે આત્માના વિશેષગુણો છે; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તે પુદ્ગલના વિશેષગુણો છે.

આ પ્રમાણે સર્વજ્ઞ ભગવાને કહેલ ૫૧ રકમોનો જ્યાં સુધી યથાર્થ નિર્ણય ન કરે ત્યાં સુધી તેને શ્રાવકપણું , મુનિપણું કે પચ્ચખાણ વગેરે કાંઈ હોઈ શકે નહિ, તે જૈન પણ નથી. કોઈ યથાર્થ તત્ત્વનિર્ણય ન કરે અને પોતાની કલ્પનાથી કે કોઈ અજ્ઞાની ગુરુના કહેવાથી તત્ત્વનું સ્વરૂપ ગમે તેમ કલ્પી બેસે તો તત્ત્વનિર્ણયમાં અનાદિનો ગોટો છે તે રહેશે, અને યથાર્થ તત્ત્વનિર્ણય વિના જન્મ-મરણ ટળશે નહીં.

સર્વજ્ઞ ભગવાનને નિશ્ચય–વ્યવહારરૂપ બે પ્રકારના કથનને આશ્રયે બે જાતિના ગુણ હોય છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા અને અશુભભાવ છોડાવવા માટે પરાશ્રિત વ્યવહારનું કથન ભગવાનની વાણીમાં પણ આવે. વ્યવહાર એટલે નિમિત્તથી કથન, અને નિશ્ચય એટલે પોતાથી કથન. વળી બાહ્ય અને અભ્યંતર એવા ભેદથી પણ બે પ્રકારના ગુણો સર્વજ્ઞને હોય છે. તેમાં જેટલા શરીરાશ્રિત ગુણથી ભગવાનને ઓળખાવવા, સ્તુતિ વગેરે કરવી તે બાહ્ય ગુણો છે એટલે કે કહેવામાત્ર છે. નિશ્ચયથી આત્માના એકેય ગુણો શરીરાશ્રિત નથી. આત્માના જ્ઞાન, દર્શન વગેરે ગુણો છે તે સ્વાશ્રિત જ છે–એ અભ્યંતર ગુણો છે. ભગવાનને સમોસરણથી ઓળખાવે અથવા સુંદર શરીર, દિવ્યવાણી વગેરેથી ઓળખાવે, પણ તે શરીર, વાણી વગેરે ખરેખર ભગવાનનું સ્વરૂપ નથી. ઘીનો ઘડો એ કહેવામાત્ર વ્યવહાર છે, કાંઈ ઘડો ઘીનો ન હોય, તેમ ભગવાનનું શરીર એમ વ્યવહારે બોલાય છે, ખરેખર ભગવાનને શરીર નથી, ભગવાન તો આત્મા છે.

**है विषयलीनता, प्राणिको तापकर,**
**है तृषा वृद्धिकर, हो न सुखसे वसर;**

ભગવાને કહેલા નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ જુદું જુદું છે અને તેનું ફળ પણ જુદું જ છે. વ્યવહારનું ફળ સંસાર છે અને નિશ્ચયનું ફળ મોક્ષ છે. ભગવાનના ગુણના અભ્યુદય અને નિઃશ્રેયસ એવા પણ બે પ્રકાર છે. અભ્યુદય એટલે પુણ્યના ઠાઠ અને નિઃશ્રેયસ એટલે મોક્ષ. ખરેખર તો ભગવાનને પુણ્ય છે જ નહીં, એ તો પુણ્ય–પાપ રહિત વીતરાગ છે. વચન વિવક્ષાથી એટલે કે વચન દ્વારા કહી શકાય એવા સંખ્યાતા ગુણો આત્મામાં છે, અને વસ્તુ સ્વરૂપની અપેક્ષાએ અનંતગુણો છે, પણ અનંતગુણ વચનથી કહી શકાતા નથી.

મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમોને યથાર્થ નિર્ણય દ્વારા જાણ્યા વિના ભવનો અંત આવે નહીં. આમાં બહારનું કાંઈ કરવાનું ન આવ્યું પણ અંદરની સાચી સમજણ કરવા ઉપર વજન આવ્યું. પહેલાં સમજણ વગર કરશે શું? ઘરની બહાર નીકળવા માટે કઈ દિશા તરફ ચાલવું તેની આંધળા માણસને ખબર હોય નહીં, અને દિશા જાણ્યા વગર એમ ને એમ ચાલવા માંડે તો ભીંત સાથે ભટકાય. પણ જો કોઈ તેને દિશા બતાવે અને તેના પોતાના ખ્યાલમાં બેસે કે નાકની દાંડી સામે બરાબર બારણું છે, તો એ સમજણ થતાં ફટ તેના પગની ગતિ થાય અને મૂંઝવણ ટળી જાય. તેમ આ સંસારથી બહાર શી રીતે નીકળવું? આત્મા શું, તેનો ધર્મ ક્યાં થાય, શી રીતે થાય–એનો સાચો નિર્ણય કર્યા વિના પુરુષાર્થની ગતિ ક્યાં કરવી તેની મૂંઝવણ થયા કરે અને સંશય રહ્યા કરે, પણ સાચું સ્વરૂપ જાણે તો તે તરફ પુરુષાર્થની ગતિ થાય અને સંશય ટળે. માટે સૌથી પહેલાં સાચી સમજણ કરવી જોઈએ.

અનાદિથી શરીરના પ્રપંચને પોતાનું જાણ્યું છે. જાણનાર પોતે પોતાને ન જાણતા પરમાં પોતાપણું માની બેઠો છે. તેણે અનાદિથી પોતા તરફ લક્ષ કર્યું નથી, એટલે પોતાની હયાતિ પરમાં, દેહમાં, દેહની ક્રિયામાં અને પુણ્ય-પાપમાં માની રહ્યો છે. શરીરાદિથી જુદું અંતરમાં પોતાનું ચૈતન્યસ્વરૂપ છે તે દેખાતું નથી એટલે બહારમાં લક્ષ કરી તેમાં સુખ-દુઃખની કલ્પના કરે છે અને પરથી લાભ-નુકશાન માને છે. આ રીતે આ જીવ અનાદિકાળથી સંસારમાં ભમતો મિથ્યાબુદ્ધિ વડે પર્યાયના પ્રપંચને સત્યરૂપ જાણી તેમાં મગ્ન થયો થકો પ્રવર્તે છે. લોકોમાં માન મળે એવી વાત ઝટ બેસી જાય છે. ધર્મના નામે અપાસરે જાય, ત્યાં આગળ બેસાડે અને ત્યાં મહારાજ કરે શેઠના વખાણ અને શેઠ કરે મહારાજના વખાણ, બન્ને સામસામા વખાણ કરે અને મોટપને પોષી તેમાં ધર્મ

હે પ્રભો! લોકહિત, આપ મત માનકે,
સાધુજન શર્ણ લે, આપ ગુરુ માનકે. ૨૦

માની સંતોષાઈ જાય છે, એમ હા-હો-હરિફાઈમાં સલવાઈ જાય છે. એ બધા ઉપાય કરવા છતાં પણ દુ:ખ તો કાયમ બની જ રહ્યું છે, કેમકે ખોટા ઉપાયથી દુ:ખ ટળતું નથી. દુ:ખનું મૂળ કારણ તો અજ્ઞાનજનિત ઈચ્છારૂપી રોગ છે, તે અનાદિનો છે. ઈચ્છારૂપી રોગ શું અને તે કેમ મટે એ તો જીવ જાણતો નથી અને અન્ય રીતે ઈચ્છારૂપી રોગ વધે તેવા ઉપાય કરે છે.

જેમ કોઈને મૃગીનો રોગ (વાઈનો રોગ) હોય તો તે રોગ કોઈવાર ઘણો પ્રગટ હોય અને કોઈવાર થોડો પ્રગટ હોય, પણ તે રોગ અંતરમાં તો રહ્યા જ કરે છે, નિરોગ થતો નથી. રોગીને ભય તો નિરંતર રહ્યા કરે છે, પણ પુણ્યનો ઉદય આવે અને પોતાના ઉપાયને ખોટા જાણે તો તે સાચા ઉપાયનો નિશ્ચય કરવાનો અભિલાષી થાય. રોગ મટાડવા માટે તે રોગ જેણે ટાળ્યો છે એવા સાચા ઉપાય બતાવનાર સાચા વૈદ્યને ગોતે, પછી “આ જ સાચા વૈદ્ય છે, એ મારો રોગ જરૂર ટાળશે” એવો તેનો વિશ્વાસ કરે અને પછી તે વૈદ્યના કહેવા પ્રમાણે ઉપચાર કરે તો રોગ જાય. તેમ આત્માને રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપી મહાન રોગ પોતાની ભૂલથી અનાદિનો લાગુ પડ્યો છે. જન્મ-મરણરૂપી રોગનું મૂળ કારણ અજ્ઞાન છે તે કેમ મટે તેની ઝંખના થતાં, અકષાય કરુણાના ભંડાર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જે પરમવૈદ્ય છે તેને ઓળખે, તેમના કહેલા તત્ત્વોનો નિર્ણય કરે, અને પછી તેમનો કહેલો ઉપાય કરે તો રોગ ટળે, દુ:ખ ટળે ને સુખી થાય. એ કઈ રીતે થાય તે કહેવાશે. (ક્રમશ:) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૩ થી ચાલુ) (છઢાળા પ્રવચન)

આત્મા છે. તેને ઓળખીને તેના જ આશ્રયે મોક્ષસુખને સાધવાના ઉપાયમાં લાગવું જોઈએ. શ્રી જિનદેવે કહેલા વીતરાગી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર—કે જે આત્મ-શુદ્ધિરૂપ છે, તે સાચો મોક્ષમાર્ગ છે. વીતરાગી રત્નત્રય કહો કે નિશ્ચય રત્નત્રય કહો, તે મોક્ષને માટે નિયમથી કર્તવ્ય છે, તેથી તેને ‘નિયમ’ કહેવાય છે; તેમાં રાગનો અભાવ બતાવવા ‘સાર’ વિશેષણ જોડીને તેને ‘નિયમસાર’ કહેવાય છે. તે પરમસુખનો માર્ગ છે.

(ક્રમશ:) ❋


| ભૂલ સુધાર | આત્મધર્મ નવેમ્બર-૨૦૨૪ પૃ. ૩૪ | અશુદ્ધ — Shibir Help Line Number ✆ 8989545494<br>શુદ્ધ — Shibir Help Line Number ✆ 8989646494 |
|---|---|---|

**શ્રી સુમતિજિન સ્તુતિ**

મુનિ નાથ સુમતિ સત્ નામ ધરે,
સત્ યુક્તિમઈ મત તુમ ઉચરે;




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૧)

### આત્માના હિતરૂપ મોક્ષમાર્ગનું વર્ણન

### હે જીવ! તું મોક્ષમાર્ગમાં લાગ

હવે મોક્ષનો માર્ગ શું છે? તેને કહે છે કે—

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરણ શિવ-મગ સો દ્વિવિધ વિચારો,
જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો.

પુણ્ય અને પાપ એ બંનેમાં આકુળતા હોવાથી તેને મોક્ષમાર્ગમાંથી કાઢી નાંખ્યા. સંપૂર્ણ નિરાકુળતારૂપ સુખના અનુભવસ્વરૂપ જે મોક્ષ, તેની પ્રાપ્તિનો માર્ગ પણ નિરાકુળભાવરૂપ જ હોય. સાચો મોક્ષમાર્ગ નિરાકુળ એટલે રાગ વગરનો જ છે. તેની સાથેના રાગસહિત શ્રદ્ધા—જ્ઞાન—આચરણને મોક્ષમાર્ગનું કારણ કહેવું તે વ્યવહાર છે. જે વ્યવહાર રત્નત્રય છે તે કાંઈ સત્યાર્થ મોક્ષમાર્ગ નથી, નિયમરૂપ મોક્ષમાર્ગ તે નથી. રાગથી પાર આત્માના સ્વભાવમાં ઘૂસી જઈને જે સમ્યક્શ્રદ્ધા—જ્ઞાન—ચારિત્ર થયા તે નિશ્ચય—મોક્ષમાર્ગ છે, તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે, મોક્ષને માટે તે નિયમથી કરવા જેવું કાર્ય છે; માટે કહ્યું કે શિવમગ લાગ્યો ચહિયે. શુભરાગમાં લાગ્યો રહેવાનું ન કહ્યું પણ આત્માના સમ્યક્શ્રદ્ધા—જ્ઞાન—ચારિત્રરૂપ નિશ્ચયમોક્ષમાર્ગમાં લાગવાનું કહ્યું. તેમાં જ આત્માનું હિત અને સુખ છે.

સુખ તો આત્મસ્વભાવ છે, રાગ કાંઈ આત્મસ્વભાવ નથી. તો તે રાગ આત્માના સુખનું કારણ થઈ શકે નહીં. સુખ જેનો સ્વભાવ છે તેને જાણતાં—અનુભવતાં જ સુખ થાય છે. જીવ સુખ ચાહે છે પણ પોતાના સુખસ્વભાવને ભૂલીને તે રાગમાં ને સંયોગમાં સુખને શોધે છે. ભાઈ! સુખ તો રાગમાં હોય કે વીતરાગમાં? વીતરાગતા તે જ સુખ છે, તેને જીવે કદી જાણ્યું નથી. જેણે રાગમાં અને પુણ્યમાં સુખ માન્યું તેને મોક્ષની શ્રદ્ધા નથી તેથી કહ્યું કે સુખ તો આકુળતા વગરનું છે. અને એવા સુખને માટે શિવમાર્ગમાં લાગ્યા રહેવું. આત્માના આવા અતીન્દ્રિય સુખને ધર્મી જીવો જ જાણે છે; અને સ્વ-પરના

તુમ ભિન્ન મતોંમેં નાહિ બને,
સબ કારજ કારક તત્ત્વ ઘને. ૨૧

ભેદજ્ઞાનપૂર્વક વીતરાગવિજ્ઞાન વડે જ તે સુખ અનુભવાય છે.

પહેલી ઢાળમાં ચારગતિનાં દુ:ખ બતાવ્યા; બીજી ઢાળમાં તે દુ:ખનું કારણ બતાવીને મિથ્યાત્વાદિને છોડવાનું અને આત્મહિતના પંથમાં લાગવાનું કહ્યું; હવે તે હિતનો ઉપાય આ ત્રીજી ઢાળમાં બતાવે છે. પૂર્વાચાર્યોનો કથનનો સાર લઈને પંડિતજીએ આ છહ ઢાળારૂપી ગાગરમાં સાગર ભર્યો છે; સંસ્કૃત–વ્યાકરણ વગેરે ન આવડતું હોય તોપણ જિજ્ઞાસુ જીવ સમજી શકે એવી રીતે સહેલી હિંદી ભાષામાં પ્રયોજનભૂત વર્ણન કર્યું છે.

આત્માનું કલ્યાણ કહો, હિત કહો કે સાચું સુખ કહો,–તે એક જ છે. જે ભાવથી અતીન્દ્રિય સુખ થાય તે જ આત્મહિત છે; એ સિવાય બીજે ક્યાંય, શરીરમાં ધનમાં કે આબરૂ વગેરેમાં સુખ નથી, એના લક્ષે તો આકુળતા છે પણ અજ્ઞાની તેમાં સુખ માને છે. પુણ્ય બાંધવાના ભાવમાં આકુળતા છે અને તે પુણ્યનું ફળ ભોગવવામાં પણ આકુળતા છે; સુખ તેમાં ક્યાંય નથી. બાહ્ય વિષયો વગરનો આત્મા સ્વયં સુખસ્વરૂપ છે. આવા ચૈતન્યસ્વરૂપ આત્માના અનુભવમાં જે વીતરાગી નિરાકુળતા છે તે જ સાચું સુખ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વીતરાગવિજ્ઞાન વગર આવું સુખ કોઈને થાય નહીં. ધર્મી જીવ ઈન્દ્રપદના વૈભવમાંય રાજી નથી, ચૈતન્યના આનંદમાં જ તે રાજી છે.

સુખ એટલે નિરાકુળતા; અતીન્દ્રિય આનંદનો મોટો ઢગલો આત્મા છે. સુખ પોતાના અંતરમાં છે પણ તેને ભૂલીને બહારમાં સુખ માનીને જીવ હેરાન થઈ રહ્યો છે. અરે જીવો! બહારનું સુખ લેવા જતાં અંતરમાં આત્માનું જે સાચું સુખ છે તે ભુલાઈ જાય છે (–સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે) એ વાત લક્ષમાં તો લ્યો. મારું સુખ મારા આત્મામાં છે એમ લક્ષમાં લ્યે તો બાહ્ય વિષયોમાંથી (અશુભમાંથી કે શુભમાંથી) સુખ લેવાની બુદ્ધિ ન રહે, એટલે પરિણતિ અંતરમાં વળીને આત્મસન્મુખ થાય ને અતીન્દ્રિય સુખ અનુભવમાં આવે. આવું સુખ તે નિર્દોષ સુખ છે એટલે તે જ સાચું સુખ છે. બહારમાં સુખ દેખાય છે તે તો અજ્ઞાનીની માત્ર કલ્પના જ છે, મૃગજળ જેવી તે કલ્પના મિથ્યા છે. જેમ હરણિયા મૃગજળને પાણી માનીને પીવા દોડે છે....ઘણું દોડે પણ તેને પાણી મળતું નથી.—ક્યાંથી મળે? ત્યાં પાણી હોય તો મળે ને? ત્યાં પાણી તો નથી પણ ધગધગતી રેતી છે.—

હૈ તત્ત્વ અનેક વ એક વહી,
તત્ત્વ ભેદ અભેદહિ જ્ઞાન સહી;

—અરે હરણિયા! આટલું–આટલું દોડવા છતાં પાણીની ઠંડી હવા પણ તને ન આવી, તો તું વિચાર તો કર કે તને મૃગજળ દેખાય છે તે ખરેખર પાણી નથી પણ કલ્પના જ છે દૃષ્ટિભ્રમ જ છે. પણ ઝાંઝવાંના જળ તરફના વેગે ચડેલા હરણિયાંને એટલો વિચાર કરવાનો અવકાશ ક્યાં છે? તેમ ઝાંઝવા જેવા વિષયો તરફના વેગે ચડેલા પ્રાણીને એટલો વિચાર પણ નથી આવતો કે અરે, અનાદિકાળથી અશુભ ને શુભ વિષયો પાછળ દોડવા છતાં મને જરાય સુખ કાં ન મળ્યું? સુખની ઠંડી હવા પણ કાં ન આવી?—ક્યાંથી આવે? એમાં સુખ હોય તો આવે ને? એ વિષયો તરફના વેગમાં તો ધગધગતી રેતી જેવી આકુળતા જ છે; તેમાં સુખ ભાસે છે તે તો અજ્ઞાનીનો દૃષ્ટિભ્રમ જ છે.

બહારની અનુકૂળતા તે સુખ, ને પ્રતિકૂળતા તે દુઃખ—એમ પરમાં સુખ–દુઃખ નથી. ધનવાન સુખી ને નિર્ધન દુઃખી એમ પણ નથી; નિરોગતામાં સુખ ને રોગમાં દુઃખ એમ પણ નથી; બહારની દરિદ્રતામાં કાંઈ દુઃખ નથી ને લાખો–કરોડો રૂપિયાનો ઢગલો હોય—એમાં કાંઈ સુખ નથી. પણ એ બંને તરફના વલણમાં આકુળતાથી જીવ દુઃખી છે. અરે, ચૈતન્યપ્રભુ આત્મા જ એક એવો છે કે જેમાં જોવાથી સુખ મળે. આત્મા જ સુખનો ભંડાર છે પણ એની એને પોતાને ખબર નથી. સુખ તે તો આત્માનો પોતાનો વૈભવ છે, તે કાંઈ જડવૈભવમાં નથી.

ભાઈ, તારે સુખી થવું છે ને?...હા. તો સુખ કેવું હોય અને તે કેમ મળે તે ઓળખવું જોઈએ. આત્માનો જે સહજ સ્વભાવ છે તેમાં વચ્ચે રાગની ડખલ ઊભી ન કર તો આત્મા પોતે જ નિરાકુળ સુખરૂપે અનુભવમાં આવે છે. સુખસ્વભાવ તે આત્મા જ છે. નિરાકુળતા તે સુખ છે, અને તે આત્માની મુક્તદશા છે; માટે સુખના અર્થીએ મોક્ષના મારગમાં લાગવું જોઈએ. મોક્ષનો માર્ગ એટલે રાગ વગરના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર; મોક્ષ નિરાકુળ છે ને તેનો માર્ગ પણ નિરાકુળ છે; રાગ તો આકુળતા છે—દુઃખ છે.

ભગવંત સિદ્ધો ને અર્હન્તો બહારનાં કોઈ પણ સાધન વગર સ્વયમેવ અનંત અતીન્દ્રિય આનંદને અનુભવે છે. વિદેહક્ષેત્રમાં અત્યારે પણ સીમંધર ભગવાન અને બીજા લાખો અરિહંતભગવંતો એવા અનંત આનંદમાં બિરાજમાન છે, સિદ્ધભગવંતો અનંતા છે તેઓ લોકના શિખરે બિરાજે છે. આવા જ અતીન્દ્રિય સુખથી ભરેલો દરેક

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**ઉપચાર કહો તો સત્ય નહીં,**
**ઇક હો અન ના વક્તવ્ય નહીં. ૨૨**

# મૃત્યુનો ભય કોને ટળે?

મરણનો ભય ક્યારે ટળે? આયુષ્યનો અભાવ તેને લોકો મરણ કહે છે. આયુષ્ય તે પુદ્‌ગલપરમાણુઓની અવસ્થા છે. પુદ્‌ગલની અવસ્થા એક જ સમય પૂરતી છે; તેની અવસ્થાનો ઉત્પાદ પહેલાં આયુષ્યરૂપે હતો, પછી બીજી અવસ્થામાં તેનું પરિણમન ફરી ગયું અને તે આયુષ્યરૂપે ન પરિણમતાં અન્યરૂપે પરિણમી ગયા, અને તે જ વખતે શરીરના પરમાણુઓનું પરિણમન ફરી ગયું, તથા આત્માના વ્યંજન પર્યાયની તે ક્ષેત્રે રહેવાની યોગ્યતા પુરી થઈને તે અન્યક્ષેત્રે ચાલ્યો ગયો.—એ રીતે કર્મ, શરીર અને આત્મા એ ત્રણેની અવસ્થાનું સ્વતંત્ર પરિણમન સમયે સમયે થઈ રહ્યું છે. પરંતુ એ ત્રણેમાંથી કોઈ (-કર્મ, શરીર કે આત્માની વ્યંજન પર્યાય) જીવને દુઃખનું કારણ નથી; દુઃખનું કારણ તો પોતાનો અજ્ઞાનભાવ જ છે. જેને કર્મ અને શરીરથી ભિન્ન પોતાના ચૈતન્ય-સ્વભાવનું ભાન છે તે તો તેનો જ્ઞાતા જ રહે છે, તે શરીરાદિના વિયોગથી આત્માનું મરણ કે દુઃખ માનતા નથી પણ સંયોગથી ભિન્નપણે પોતાના ત્રિકાળી ચૈતન્ય સ્વભાવને સદાય અનુભવે છે. પણ જેને કર્મ અને શરીરથી જુદા પોતાના ચૈતન્યસ્વભાવનો અનુભવ નથી તેવો અજ્ઞાની જીવ શરીરાદિના વિયોગથી આત્માનું મરણ અને દુઃખ માનીને આકુળતા અને રાગ-દ્વેષવડે દુઃખી થાય છે. એ રીતે તે જીવ અજ્ઞાનભાવ વડે પોતાના ચૈતન્યભાવનો ઘાત કરે છે તે જ મરણ છે હિંસા છે. માટે શુદ્ધ ચૈતન્યસ્વભાવને જે જાણે તેને જ મરણનો ભય ટળે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—પરને અને આત્માને સંબંધ નથી,—એ સમજવાનું પ્રયોજન શું?**

ઉત્તર :—પર સાથે સંબંધ નથી એટલે પર લક્ષે જે વિકાર થાય તે મારું સ્વરૂપ નથી એમ પર સાથેનો સંબંધ તોડીને તેમજ પોતાની પર્યાયનું લક્ષ પણ છોડીને અભેદ સ્વભાવની દૃષ્ટિ કરવી તે જ આત્માનું પ્રયોજન છે.

**પ્રશ્ન :—રાગને જીવનો કહેવો કે પુદ્ગલનો?**

ઉત્તર :—રાગ પોતાની પર્યાયમાં જ થાય છે, પોતે જ કરે છે તેથી પર્યાયદૃષ્ટિથી રાગ જીવનો છે. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્યસ્વભાવમાં રાગ છે જ નહિ તેથી રાગ જીવનો નથી પણ પુદ્ગલના લક્ષે થતો હોવાથી પુદ્ગલનો છે.

**પ્રશ્ન :—એક ખીલે બાંધોને?**

ઉત્તર :—જે અપેક્ષાથી કહેવાય છે તે અપેક્ષાએ ખીલો પાકો જ છે. રાગને સર્વથા પરનો જ માને તો જીવ સ્વચ્છંદી થઈ જશે અને રાગને સર્વથા પોતાનો જ સ્વભાવ છે તેમ માનશે તો રાગ નીકળી શકશે નહિ. માટે પહેલા રાગ પોતાના અપરાધથી પોતે જ કરે છે. કર્મ રાગ કરાવતું નથી એ રીતે નિર્ણય કરીને, પછી સ્વભાવ દૃષ્ટિ કરાવવા, રાગ મારું સ્વરૂપ નથી, ઉપાધિભાવ છે માટે કર્મજન્ય કહીને રાગનું લક્ષ છોડાવીને સ્વભાવનું લક્ષ કરાવ્યું છે.

**પ્રશ્ન :—સમયસાર ગાથા ૬માં સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો ''શુદ્ધ'' કહેવાય છે તેમ કહ્યું પણ વિકારથી ભિન્ન ઉપાસવાનું કેમ ન કહ્યું?**

ઉત્તર :—અન્યદ્રવ્યના ભાવોથી ભિન્ન ઉપાસતા વિકાર અને પર્યાય ઉપરનું પણ લક્ષ છૂટીને સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય છે.

**પ્રશ્ન :—આત્મા પ્રમત્ત–અપ્રમત્તપણે નથી થતો એટલે શું?**

ઉત્તર :—આત્મા શુભ-અશુભરૂપે થતો નથી. જો શુભ-અશુભરૂપે થાય તો પ્રમત્ત-અપ્રમત્તરૂપે થાય પણ શુદ્ધાત્મા શુભાશુભરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત-

**है सत्त्व असत्त्व सहित कोई नय,**
**तरु पुष्प रहे न हि व्योम कलप;**

અપ્રમત્તરૂપે પણ થતો નથી. અપ્રમત્ત સાતમે ગુણસ્થાનેથી તેરમે સુધી છે તે પર્યાયરૂપે આત્મા થતો નથી. આત્મા એકરૂપ જ્ઞાયકભાવ સ્વરૂપ છે. શુભાશુભરૂપે થતો નથી તેથી પ્રમત્તરૂપે થતો નથી અને પ્રમત્તપણે થતો હોય, તો તેનો અભાવ કરીને અપ્રમત્તપણે થાય પણ પ્રમત્તરૂપે થતો નથી તેથી પ્રમત્ત કે અપ્રમત્તના પર્યાયના ભેદરૂપે આત્મા થતો નથી. એકરૂપ જ્ઞાયકભાવ સ્વરૂપ જ છે.

પ્રશ્ન :—રાગ–દ્વેષને જીવની પર્યાય કહી છે અને વળી તેને નિશ્ચયથી પુદ્ગલના પરિણામ કહ્યાં છે તો અમારે નક્કી શું કરવું?

ઉત્તર :—રાગ-દ્વેષ છે તો જીવના પરિણામ, પણ પુદ્ગલના લક્ષે થતાં હોવાથી અને જીવનો સ્વભાવભાવ ન હોવાથી સ્વભાવની દૃષ્ટિ કરાવવા પુદ્ગલના લક્ષે થતાં હોવાથી રાગ-દ્વેષને પુદ્ગલના કહ્યાં છે. કેમ કે નિમિત્તને આધીન થઈને થતાં ભાવને નિમિત્તના—પુદ્ગલના ભાવ છે તેમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :—પ્રથમ ભૂમિકામાં જિજ્ઞાસુએ રાગ–દ્વેષના ભાવને પોતાના માનવા કે પુદ્ગલના ભાવ છે તેમ શ્રદ્ધા કરવી?

ઉત્તર :—જિજ્ઞાસુએ રાગાદિ ભાવો પોતામાં પોતાના અપરાધથી થાય છે તેમ જ્ઞાન કરીને, શ્રદ્ધામાં કાઢી નાખવા કે એ પરિણામ મારા સ્વભાવમાં નથી.

પ્રશ્ન :—રાગ આત્માનો છે કે પુદ્ગલકર્મનો?

ઉત્તર :—વસ્તુની સિદ્ધિ કરવી હોય ત્યારે રાગ વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે એટલે કે રાગ આત્માનો છે તેમ કહેવાય અને જ્યારે દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યની થઈ, સમ્યગ્દર્શન થયું ત્યારે નિર્મળ પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે. સમ્યગ્દૃષ્ટિને જે રાગ છે તે વ્યાપ્ય અને કર્મ તેનું વ્યાપક છે એટલે કે સમ્યગ્દૃષ્ટિનો રાગ તે પુદ્ગલ કર્મનો કહેવાય. કેમ કે જ્ઞાની દૃષ્ટિથી રાગથી ભિન્ન પડી ગયો છે, તેથી તેના રાગમાં કર્મ વ્યાપે છે તેમ કહેવાય.

પ્રશ્ન :—જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્ગલનો માને તે બરાબર છે?

ઉત્તર :—જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી પુદ્ગલનો છે એમ માને.

તવ દર્શન ભિન્ન પ્રમાણ નહીં,<br>
સ્વ સ્વરૂપ નહીં કથમાન નહીં. ૨૩



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન** :—*વચનામૃતમાં આવે છે કે જ્ઞાનીને શુભભાવ છે તે કાળા નાગ જેવો દેખાય છે અને બીજી બાજુ એમ કહેવામાં આવે છે કે જ્ઞાની તો શુભાશુભ ભાવોનો જ્ઞાતા છે. તો આ બન્નેનો મેળ કેવી રીતે છે?*

**સમાધાન** :—જ્ઞાનીને ભેદજ્ઞાનની દશા છે. આ સ્વભાવ છે અને આ વિભાવ છે એમ તેને સહજ જણાય છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે પોતાની પરિણતિમાં ઊભો છે. અલ્પ અસ્થિરતા છે તેને પણ તે જાણે છે. છતાં પણ તેની ભાવના એવી છે કે હું સ્વરૂપમાં પૂર્ણ લીન કેમ થઈ જાઉં? એવી ભાવનાને લઈને જ્ઞાનીને શુભભાવ કાળા નાગ જેવો લાગે છે. તે અપેક્ષાએ ત્યાં વાત છે. બાકી તેને દ્વેષબુદ્ધિ નથી, તે તો માત્ર જાણે છે–જ્ઞાયક છે–જ્ઞાતા છે. રાગ આવે છે તેનો જ્ઞાતા-દ્રષ્ટા છે, પણ તેને ભાવના તો એમ રહે કે આ અધૂરાશ છે. અહો! મુનિઓ ક્ષણે ક્ષણે સ્વરૂપમાં જામી જાય છે એવી મારી દશા નથી, એવી દશા મને ક્યારે થઈ જાય કે હું સ્વરૂપમાં લીન થઈ જાઉં. માટે આ વિભાવ છે તે આદરણીય નથી, મારો સ્વભાવ નથી. મને ક્યારે વીતરાગદશા થઈ જાય અને હું શાશ્વત આત્મામાં રહી જાઉં, વિભાવ મને ન હો, મને પૂર્ણ સ્વભાવ હો. એવી તેની ભાવના રહે છે.

**પ્રશ્ન** :—*જ્ઞાનીને શુભરાગ કાળા નાગ જેવો દેખાય છે એમ કહીને જ્ઞાનીને સવિકલ્પદશામાં નિરંતર પૂર્ણતાની ભાવના રહ્યા કરે છે એમ જ કહેવું છે ને?*

**સમાધાન** :—હા, સ્વાનુભૂતિ–નિર્વિકલ્પદશા હોય ત્યારે તો વિકલ્પ તરફ તેનો ઉપયોગ પણ નથી. પોતે તો આનંદમાં–નિર્વિકલ્પ દશામાં છે. પણ જ્યારે બહાર તેનો ઉપયોગ આવે છે ત્યારે જાણે છે કે આટલી અધૂરાશ છે; અને મને પૂર્ણતા ક્યારે થાય? આ વિભાવભાવ મારે જોઈતો નથી; આટલો વિભાવ પણ મને પોષાતો નથી. આંખમાં જેમ કણું ન સમાય તેમ દ્રવ્યદષ્ટિએ હું પૂર્ણ હોવા છતાં પર્યાયમાં આટલીયે કચાશ મારે ન જોઈએ, એટલે રાગ તેને કાળો નાગ લાગે છે. તે મને

**જો નિત હી હોતા નાશ ઉદય,**
**નહિં, હો ન ક્રિયા, કારક ન સધય;**

આદરણીય નથી, હું પૂર્ણ થઈ જાઉં એવી ઉગ્ર ભાવના વર્તે છે. નિર્વિકલ્પદશા વખતે વિકલ્પ તરફ તેનો ઉપયોગ નથી અને જ્યારે બહાર આવે છે ત્યારે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. તેને વિભાવની સાથે એકત્વબુદ્ધિ નથી.

**પ્રશ્ન** :—*ક્ષાયિક સમકિતી લડાઈના મેદાનમાં તલવાર લઈને જાય તે શું નવાઈ નથી લાગતી ?*

**સમાધાન** :—એટલી તેની અધૂરાશ છે, ભાવના તો ઉગ્ર છે. અંદર ભેદજ્ઞાનની ધારા વર્તે છે, એકત્વબુદ્ધિ નથી. રાજનો અલ્પ રાગ છે એટલે લડાઈના મેદાનમાં ઊભો રહે છે. છતાં તેનું વર્તન ન્યાયપૂર્વકનું હોય છે. તેની અંતરની પરિણતિ જુદી છે; તેના અંતરને જોવાનું છે.

જેમ હાથીના દાંત દેખાવના જુદા અને અંતરના જુદા હોય છે તેમ આ જ્ઞાની લડાઈ કેમ કરતા હશે ? એવું લાગે, પણ તે વખતે સ્વભાવની પરિણતિમાં પોતે ઊભા છે, અલ્પ રાગ છે એટલે બહાર ઊભા દેખાય, પણ જો તે વખતે પણ વૈરાગ્યભાવના વધી જાય તો મુનિ થઈને ચાલ્યા જાય છે.

**પ્રશ્ન** :—*શું ભેદજ્ઞાન તે જ સ્વાનુભૂતિ પ્રગટ કરવાનો ઉપાય છે ?*

**સમાધાન** :—ભેદજ્ઞાનની ધારા દ્વારા સ્વાનુભૂતિ થાય છે, વારંવાર ભેદજ્ઞાનની તીક્ષ્ણતા કરવાથી સ્વાનુભૂતિ થાય છે. કોઈને ઉગ્રતા તરત જ થાય તો તાત્કાલિક થઈ જાય છે,—તે ક્ષણે જ થઈ જાય છે અને મોટા ભાગના જીવોને અભ્યાસની ઉગ્રતા કરવાથી સ્વાનુભૂતિ થાય છે. સમયસાર મોક્ષ અધિકારના ૧૮૦ કળશમાં તો ભેદજ્ઞાન એટલે સ્વાનુભૂતિની વાત લીધી છે. ભેદજ્ઞાન દ્વારા તાત્કાલિક ભેદ થઈ જશે અને તેમાં તને સ્વાનુભૂતિ થશે. વિકલ્પવાળી ભૂમિકામાં લેવું હોય તો વારંવાર અભ્યાસ એટલે વારંવાર ભેદજ્ઞાનની ઉગ્રતા કરવાથી તને સ્વાનુભૂતિ થશે. તે વખતે વિકલ્પ છે પણ વિકલ્પ તે હું નથી, હું જ્ઞાયક છું—જ્ઞાયક છું એવી જ્ઞાતાધારાની ઉગ્રતા દ્વારા તને સ્વાનુભૂતિ થશે.

**પ્રશ્ન** :—*પરિણતિ અને ઉપયોગ તે બંનેમાં ફેર છે ?*

**સમાધાન** :—પરિણતિ અને ઉપયોગમાં ફેર છે. ભેદજ્ઞાનની ધારારૂપ તેની પરિણતિ તો કાયમ ચાલુ જ છે, જ્યારે ઉપયોગ તો બહાર આવે અને અંતરમાં આવે. ઉપયોગ અંતરમાં આવે ત્યારે સ્વાનુભૂતિ થાય. પછી બહાર આવે. ઉપયોગ બહાર આવવા છતાં પરિણતિ તો ચાલુ જ છે. આમ પરિણતિ અને ઉપયોગમાં ફેર છે. ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે, અમુક અંશે જેટલી દશા પ્રગટ થઈ તેટલી ચાલુ છે.

## બાળ વિભાગ

# સત્યની અસત્ય ઉપર વિજય

સ્વસ્તિકાવતી નગરીમાં રાજકુમાર વસુ, પર્વત અને નારદ ક્ષીરકદંબ નામના ગુરુ પાસે અભ્યાસ કરતા હતા. ગુરુના ક્રોધથી બચાવવા બદલ વસુએ ગુરુમાતાને કહ્યું કે તમારે શું જોઈએ તે આપું. પણ ગુરુમાતાએ કહ્યું કે જરૂર પડ્યે લઈ લઈશ. થોડા સમય પછી વસુ રાજા બન્યો, ગુરુ ક્ષીરકદંબ દીક્ષા લઈ સમાધિમરણ કરી દેવ થયા અને પર્વત પિતાનું અધ્યાપન કાર્ય સંભાળવા લાગ્યો. એક દિવસ નારદ ગુરુપુત્રને મળવા આવ્યો....(આગળ)

પર્વત તે સમયે પોતાના શિષ્યોને ભણાવી રહ્યો હતો. સાધારણ ખુશી મંગલના સમાચાર પૂછ્યા બાદ નારદ ત્યાં જ બેસીને પર્વતના અધ્યાપન-કાર્યને જોવા લાગ્યો. પ્રકરણ કર્મકાંડનો હતો તેમાં એક પંક્તિ હતી–'અજૈર્યષ્ટવ્યમિતિ', પર્વતે તેનો અર્થ કર્યો કે બકરાની બલિ આપીને હવન કરવો જોઈએ. તે સમયે ત્યાં તેમને વચ્ચે રોકી નારદે તરત જ કહ્યું– "નહીં, આ પંક્તિનો આ અર્થ સાચો નથી. ગુરુજીએ આપણને આનો અર્થ આવો બતાવ્યો હતો કે ત્રણ વર્ષ જૂનું અનાજ જેમાં ફરીથી ઉત્પન્ન થવાની ક્ષમતા સમાપ્ત થઈ જાય છે તેનાથી યજ્ઞ કરવો જોઈએ."

પર્વતે પોતાની ભૂલનો સ્વીકાર કર્યો નહીં પણ તેનાથી ઊંધા આગ્રહને વશ થઈને બોલ્યો "નહીં તમારું કહેવું સર્વથા મિથ્યા છે. હકીકતમાં તો 'અજ' શબ્દનો અર્થ બકરો જ થાય છે અને તેનાથી હવન કરવો જોઈએ."

અરે ! જેને દુર્ગતિમાં જવાનું હોય છે, તે સત્ય જાણીને પણ અજાણ બનીને એવું અસત્ય બોલે છે.

ત્યારે બંનેમાં સાચો કોણ છે, તેનો નિર્ણય તેમણે રાજા વસુ દ્વારા કરાવવાનું નક્કી કર્યું તથા આપસમાં પ્રતિજ્ઞા કરી કે જેનું વચન અસત્ય સિદ્ધ થશે, તેની જીભ કાપી લેવામાં આવશે. પર્વતની માતાને જ્યારે આ વિવાદ અને પ્રતિજ્ઞાની ખબર પડી, તે જાણતી હતી કે પર્વતે તે શ્રુતિનો ઉંધો અર્થ કહી જૂઠું બોલ્યો છે અને વસુ રાજા દ્વારા નિર્ણય થવાથી પર્વતની જીભ કાપી લેવામાં આવશે.

પુત્રનો પક્ષ અસત્ય હોવા છતાં પણ પુત્રપ્રેમને વશ થઈ તે પોતાના કર્તવ્યથી વિચલિત થઈ રાજા વસુ પાસે પહોંચી અને તેમને કહ્યું –"પુત્ર, તમને યાદ હશે કે મારું એક વચન તમારી પાસે લેવાનું બાકી છે. આજે મને તેની જરૂરત આવી પડી છે. માટે પોતાની પ્રતિજ્ઞાને

સત્ નાશ ન હો નહિં જન્મ અસત્,
જુ પ્રકાશ ગએ પુદ્ગલ તમ સત્. ૨૪

પૂર્ણ કરી મને કૃતાર્થ કરો. પર્વત અને નારદમાં..... આ પ્રકારની શર્ત લાગી છે અને તેના નિર્ણય માટે તેમણે તમને મધ્યસ્થ તરીકે સ્વીકાર કર્યો છે. માટે હું તમને એ કહેવા આવી છું કે તમે પર્વતના પક્ષનું સમર્થન કરશો.''

જે પોતે પાપી હોય છે, તે અન્યને પણ પાપી બનાવી દે છે. જેમ સર્પ પોતે ઝેરીલો હોય છે અને જેને કરડે છે તેને વિષયુક્ત કરી દે છે. પાપીઓનો પણ એવો જ સ્વભાવ હોય છે.

બીજે દિવસે રાજસભા ભરાણી હતી. બધા રાજ્યાધિકારીઓ અને કર્મચારીઓ યથાસ્થાને બિરાજ્યા હતા. રાજા વસુ પણ એક સુંદર રત્નજડિત સિંહાસન ઉપર બિરાજમાન થયા હતા. તેટલામાં પર્વત અને નારદ પોતાનો ન્યાય કરાવવા રાજસભામાં આવ્યા અને બંનેએ પોતપોતાના કથન સંભળાવ્યા અને કોનું કથન સત્ય છે અને ગુરુજીએ આપણને 'અજૈર્યષ્ટવ્યમ્'નો અર્થ શું સમજાવ્યો હતો, તેનો નિર્ણય કરવાનો ભાર રાજા વસુ ઉપર છોડી દીધો.

વસુ તે શબ્દનો અર્થ જાણતો હતો અને તે ધારે તો સત્યની રક્ષા કરી શકતો હતો, પરંતુ તેણે ગુરુમાતા દ્વારા માંગેલ વચનથી સત્યમાર્ગથી ચલિત કરી હઠાગ્રહી અને પક્ષપાતી બનાવી દીધો. માટે તેણે નિર્ણય આપતા કહ્યું—''જે પર્વત કહે છે, તે સત્ય છે.''

કુદરત પણ તેના અસત્યને સહન ન કરી શકી. તેનું પરિણામ એ થયું કે રાજા વસુ જે સ્ફટિકના સિંહાસન બેસીને રાજકાર્ય કરતો હતો અને લોકોને એમ કહેતો હતો કે મારા સત્યના પ્રભાવે મારું સિંહાસન આકાશમાં રહે છે તે સિંહાસન વસુની અસત્યતાને કારણે ટૂટી ગયું અને જમીનમાં ઉતરી ગયું તેની સાથે રાજા વસુ પણ મૃત્યુ પામ્યો અને મરીને તે સાતમી નરકમાં ગયો.

સત્ય છે કે જેનું હૃદય દુષ્ટ અને પાપી હોય છે, તેની બુદ્ધિ નાશ પામે છે અને અંતમાં તેને કુગતિમાં જવું પડે છે. માટે દરેકે પાપથી બચવું હોય તો પ્રાણનું પણ સંકટ આવી પડે તોપણ જૂઠું બોલવું ન જોઈએ, કારણ કે અસત્યમાર્ગ પર ચાલવાવાળાનું અહિત થાય છે અને તેઓ કુગતિને પ્રાપ્ત થાય છે.

માટે હે ભવ્યજીવો ! આવા સત્ય જિનધર્મને જાણીને, તમે તેનો આદર કરીને જિનમાર્ગ અનુસાર સત્ય જ બોલો. તત્ત્વના યથાર્થ જ્ઞાનપૂર્વક સત્યવ્રતનું બરાબર પાલન થઈ શકે છે.

આ પ્રમાણે રાજા વસુ તો નરકમાં ગયો અને પર્વતની દુષ્ટતા જોઈ પ્રજાએ તેને દેશનિકાલ કર્યો અને નારદનો ખૂબ જ આદર-સત્કાર કર્યો, પણ આ પ્રસંગથી નારદની જિનધર્મ પ્રતિ શ્રદ્ધા ઘણી જ દૃઢ થઈ અંતમાં નારદે સંસારથી ઉદાસીન થઈને જિનદીક્ષા ગ્રહણ કરી અને મુનિ થઈને અનેક જીવોને કલ્યાણમાર્ગમાં લગાવ્યા અને તપસ્યા દ્વારા પવિત્ર રત્નત્રયની આરાધના કરી આયુષ્યના અંતે સમાધિમરણ કરીને સર્વાર્થસિદ્ધિમાં ગયા.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૭૨ : મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે શું તફાવત છે ?

ઉત્તર : મિથ્યાજ્ઞાન તે સંસારનું કારણ છે, સમ્યગ્જ્ઞાન તે મોક્ષનું કારણ છે. અનાદિથી જીવને મિથ્યાજ્ઞાન છે, જે જીવ સાચી સમજણ કરે તેને સમ્યગ્જ્ઞાન થઈને અલ્પકાળમાં મોક્ષ થાય, મિથ્યાજ્ઞાની જીવ સદાય 'પુણ્યથી ધર્મ થાય અને શરીરાદિનું હું કરી શકું' એમ માને છે પણ સમ્યગ્જ્ઞાની જીવ કદાપિ 'પુણ્યથી ધર્મ થાય કે શરીરાદિની ક્રિયા હું કરી શકું' એમ માનતા નથી; આ રીતે મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે આકાશ—પાતાળ જેવડો મહાન તફાવત છે.

પ્રશ્ન-૭૩ : જેને વ્યવહાર ચારિત્ર હોય તેને ગૃહીત મિથ્યાત્વ હોય કે નહીં ?

ઉત્તર : જેને વ્યવહાર ચારિત્ર હોય તેને ગૃહીત મિથ્યાત્વ તો હોય જ નહીં.

પ્રશ્ન-૭૪ : ગૃહીત મિથ્યાત્વ છૂટવાથી સમ્યગ્દર્શન થઈ શકે કે નહિ ?

ઉત્તર : બધા પ્રકારનું મિથ્યાત્વ છૂટે ત્યારે જ સમ્યક્ત્વ થાય; ફક્ત ગૃહીત મિથ્યાત્વ છૂટવાથી જ સમ્યગ્દર્શન થઈ જતું નથી. પહેલાં ગૃહીત મિથ્યાત્વ છોડીને જો આત્માની સાચી સમજણ વડે અગૃહીત મિથ્યાત્વને પણ છોડે તો જ સમ્યગ્દર્શન થાય છે. ગૃહીત મિથ્યાત્વ છોડીને પણ જો પરાશ્રયબુદ્ધિથી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ જ રોકાઈ જાય ને સ્વાશ્રિતદષ્ટિથી સ્વસન્મુખ થઈ પોતાના આત્માની સાચી સમજણ ન કરે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. અને અગૃહીત મિથ્યાત્વ ટળતું નથી. ગૃહીત અને અગૃહીત બંને મિથ્યાત્વ ટાળે તેને જ સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્ન-૭૫ : પહેલા ગૃહીત મિથ્યાત્વ ટળે કે અગૃહીત ?

ઉત્તર : પહેલાં ગૃહીત મિથ્યાત્વ ટાળ્યા વગર અગૃહીત મિથ્યાત્વ ટળે નહિ. કોઈને ગૃહીત અને અગૃહીત બંને સાથે પણ ટળી જાય; જેને ગૃહીત મિથ્યાત્વ હોય તેને અગૃહીત મિથ્યાત્વ પણ હોય જ.

પ્રશ્ન-૭૬ : 'આ શરીર જીવને દુઃખી કરે છે' આ વાક્યમાં કાંઈ ભૂલ છે ?

ઉત્તર : તે વાક્ય ખોટું છે ખરેખર શરીર જીવને દુઃખી કરતું નથી. પણ શરીર પ્રત્યેનો જીવનો મોહભાવ છે તે જ જીવને દુઃખી કરે છે. જીવને સુખ-દુઃખ પોતાના જ ભાવથી થાય છે, પણ શરીરથી સુખ-દુઃખ થતું નથી.

પ્રશ્ન-૭૭ : એક જીવ મિથ્યાત્વ સહિત શુભ ક્રિયામાં વર્તે છે અને એમ માને છે કે મને

આ ક્રિયાથી ધર્મ થાય છે; તે જ વખતે બીજો જીવ ક્રોધથી લડાઈ લડે છે અને તેને આત્માની ઓળખાણ છે, તો આ બે જીવોમાંથી તે વખતે કોને વધારે બંધન થતું હશે ?

ઉત્તર : જે જીવ શુભરાગની ક્રિયાથી ધર્મ માને છે તે જીવને મિથ્યાત્વના પાપ સહિત વધારે બંધન થાય છે કેમકે મિથ્યાત્વ જ મહાબંધનું કારણ છે. જ્ઞાની જીવને લડાઈ વખતે પણ મિથ્યાત્વનું મહાપાપ તો બંધાતું જ નથી, સાચી શ્રદ્ધા હોવાને લીધે લડાઈ વખતે પણ તેને આત્મભાન વર્તે છે ને સંસાર તૂટતો જાય છે. અજ્ઞાનીને વિપરીત શ્રદ્ધા હોવાથી શુભરાગ વખતે પણ તે સંસાર વધારી રહ્યો છે. સાચી સમજણ વગર આત્માને કોઈ રીતે લાભ થાય નહિ અને કર્મબંધન તૂટે નહિ. મિથ્યાત્વના સેવનથી આત્માને જે નુકશાન થાય છે, તેટલું નુકશાન બીજી કોઈ રીતે થતું નથી.

પ્રશ્ન-૭૮ : રાગ-દ્વેષ વધારે નુકશાન કરે છે કે રાગ-દ્વેષને પોતાના માનવા તે ?

ઉત્તર : રાગ-દ્વેષને પોતાના માનવા તે ઊંધી માન્યતા જ વધારે નુકશાનનું કારણ છે. રાગ-દ્વેષ તે તો ચારિત્રનો દોષ છે અને રાગ-દ્વેષને પોતાના માનવા તે શ્રદ્ધાનો દોષ છે. શ્રદ્ધાનો દોષ સર્વદોષનું મૂળ છે. મિથ્યાત્વ ટળતાં અનંતા રાગ-દ્વેષ ટળી જાય છે.

પ્રશ્ન-૭૯ : એક જીવ એમ માને છે કે....‘મારા ઉપદેશ વડે હું બીજાને ધર્મ પમાડી શકું’, તો તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ ?

ઉત્તર : તે મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે હું પરજીવોને સમજાવી શકું એમ તેની મિથ્યા માન્યતા છે; એક જીવ બીજા જીવને કાંઈ કરી શકતો નથી છતાં તે પરનું કર્તૃત્વ માને છે તથા ઉપદેશના જડ શબ્દોનું કર્તાપણું માને છે—તેથી એમ નક્કી થાય છે કે તે મિથ્યાદૃષ્ટિ જ છે. જ્ઞાની ઉપદેશ આપે તેમાં તેને કર્તૃત્વબુદ્ધિ હોતી નથી.

## બાળકો માટેના પ્રશ્નના ઉત્તર

(૧) આઠ
(૨) ત્રણ
(૩) ઉમરાળા
(૪) મનુષ્ય
(૫) નૈમિત્તિક, વિકારીભાવ, અથવા ઔપાધિક, ઔદયિક
(૬) વાસુપૂજ્ય
(૭) જંબૂ
(૮) વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર
(૯) વઢવાણ, વીરપુરી—વર્ધમાનપુરી
(૧૦) બળદ
(૧૧) મનુષ્ય
(૧૨) પૂજ્ય બહેનશ્રી ચંપાબેન
(૧૩) ચાર
(૧૪) નિઃસહી, નિઃસહી, નિઃસહી
(૧૫) આદિનાથ
(૧૬) મિથ્યાત્વ
(૧૭) વિદેહ
(૧૮) પૂજ્ય બહેનશ્રી ચંપાબેન
(૧૯) દસ
(૨૦) આદિનાથ

# (૧૩૫) બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો.)

(૧) ભગવાનની પૂજામાં ............... દ્રવ્ય વપરાય છે.

(૨) અષ્ટાહ્નિકા પર્વ વર્ષમાં .................. વાર આવે છે.

(૩) પરમ પૂજ્ય કાનજીસ્વામીએ દીક્ષા............ માં લીધી હતી.

(૪) .................. નંદીશ્વરમાં પૂજા કરવા જઈ શકતા નથી.

(૫) રાગ અને દ્વેષ એ ............ ભાવો છે.

(૬) ચંપાપુરથી .................. ભગવાન મોક્ષ ગયા છે.

(૭) ભરતક્ષેત્ર ................ દ્વીપમાં છે.

(૮) બાલબ્રહ્મચારી પાંચ તીર્થંકર (૧)...................... (૨) ....................... (૩) .................. (૪) ................... (૫) ......................... હતા.

(૯) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ ...................માં થયો હતો. તેનું બીજું નામ ................... છે.

(૧૦) આદિનાથ ભગવાનનું ચિહ્ન ................. છે.

(૧૧) ................ ગતિમાંથી જ સિદ્ધ થવાય છે.

(૧૨) સોનગઢમાં સ્વાધ્યાયમંદિરમાં સમયસારની સ્થાપના ....................... હસ્તક થઈ હતી.

(૧૩) ....................... અનુયોગ છે.

(૧૪) મંદિરમાં પ્રવેશ કરતી વખતે............................ ત્રણ વખત બોલવું જોઈએ.

(૧૫) ભરત ચક્રવર્તી તથા બાહુબલી ..................... ભગવાનના પુત્ર હતાં.

(૧૬) સૌથી મોટું પાપ ................................ છે.

(૧૭) પૂજ્ય ગુરુદેવશ્રીએ કુંદકુંદાચાર્યદેવને ..........................ક્ષેત્રમાં જોયા હતા.

(૧૮) ધર્મની શોભા વિશેષણ પૂજ્ય ગુરુદેવશ્રીએ........................ને આપ્યું હતું.

(૧૯) પર્યુષણ પર્વના............ દિવસો હોય છે.

(૨૦) અષ્ટાપદ (કૈલાસ) પર્વતથી .............................. ભગવાન મોક્ષ ગયા છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

### * ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ *

શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૨૩-૧૨-૨૦૨૪ સોમવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

* મોરબી નિવાસી રજનીકાંત રતિલાલ સંઘવી (ઉ.વ. ૮૬)નું તા. ૨૧-૧૦-૨૦૨૪ના રોજ દેવ-ગુરુ-શાસ્ત્રના સ્મરણપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* ખાંભા નિવાસી (હાલ બોરીવલી) શાંતાબેન અમીચંદ દોશી (ઉ.વ. ૧૦૭)નું તા. ૨૧-૧૦-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ચોટીલા નિવાસી (હાલ રાજકોટ) પ્રવીણચંદ્ર ગુલાબચંદ કોઠારી (ઉ.વ. ૯૪)નું તા. ૯-૧૧-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* વસ્ત્રાપુર-અમદાવાદ નિવાસી જુબેદાબેન બહાદુરભાઈ શાહનું તા. ૧૧-૧૧-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સાગર(મ.પ્ર.) નિવાસી આદરણીય શ્રી રતનચંદજી (-તેઓ બ્ર. સુમનબેનના પિતાશ્રી) (ઉ.વ. ૯૬)નું તા. ૧૧-૧૧-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો તેમના જીવનમાં ખૂબ જ પ્રભાવ હતો. સ્વાધ્યાય તેમના જીવનનું મુખ્ય અંગ હતું

શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ? કોણ તારું ઓળખીતું હશે? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે? શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહિ ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે. માટે તારું કાંઈક કરી લે. શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઈન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે.　　-પૂજ્ય ગુરુદેવશ્રી

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● આગમનો આશ્રય અનંતા પુદ્ગલકર્મો છે, ને અધ્યાત્મનો આશ્રય આત્મા એક છે. તે બન્નેનું સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવળીગમ્ય છે. સમ્યક્ મતિ શ્રુતજ્ઞાનમાં અંશગ્રાહ્ય છે. ૬૬૮.

● અજ્ઞાની આગમ-અધ્યાત્મને જાણતો નથી. અજ્ઞાની જીવ રાગને જ વ્યવહાર માને છે. પણ દ્રવ્યની નિર્વિકલ્પ પર્યાયરૂપ જે વ્યવહાર છે તેને તે જાણતો નથી. અખંડ દ્રવ્ય તે નિશ્ચય છે ને તેની નિર્વિકલ્પ પરિણતિ તે અધ્યાત્મનું અંગ છે-તે વ્યવહાર છે. અહીં તો (અધ્યાત્મમાં) મોક્ષમાર્ગ સાધવો તેને જ વ્યવહાર ગણ્યો છે. રાગને વ્યવહાર ગણ્યો નથી. ૬૬૯.

● અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા છે તે અંતર્દૃષ્ટિ ગ્રાહ્ય છે, પણ અજ્ઞાનીને તેવી દૃષ્ટિ પ્રગટી નથી તેથી અધ્યાત્મની અંતરક્રિયા તો તેને દૃષ્ટિગોચર થતી નથી. માટે તે અજ્ઞાની જીવ મોક્ષમાર્ગને સાધી શકતો નથી. ગમે તેટલો શુભભાવ કરે પણ અંતરની અધ્યાત્મદૃષ્ટિ વગર તે મોક્ષમાર્ગને સાધવા અસમર્થ છે. અજ્ઞાનીને બહારની ક્રિયા તથા શુભ-પરિણામ સુગમ લાગે છે. તેને જ તે મોક્ષમાર્ગ માને છે. બ્રહ્મચર્ય પાળે, ત્યાગ કરે, એવા શુભ પરિણામને અજ્ઞાની મોક્ષમાર્ગ માને છે. પણ અંતરમાં નિર્વિકલ્પ જ્ઞાનાનંદ સ્વભાવ છે જેમાં બ્રહ્મચર્યનો શુભ વિકલ્પ પણ નથી એવા અધ્યાત્મની નિર્વિકલ્પ પરિણતિને અજ્ઞાની ઓળખતો નથી. તેથી તેને મોક્ષમાર્ગ નથી. જ્ઞાની તો મોક્ષમાર્ગને સાધી જાણે છે. ૬૭૦.


● અંતરનું શુદ્ધ દ્રવ્ય એકરૂપ અક્રિય ધ્રુવ ચિદાનંદ તે નિશ્ચય. તેના અવલંબને જે નિર્વિકલ્પ મોક્ષમાર્ગ દશા પ્રગટી તે વ્યવહાર છે. અધ્યાત્મના નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની તે જાણતો નથી અને કદાચિત્ સાંભળવા મળે તોપણ માને નહીં. ૬૭૧.

● જેને ધર્મનો આદર છે-સિદ્ધપદનો સ્વીકાર છે તેને લક્ષ્મીની રુચિ હોવી ન જોઈએ. આસક્તિ આવે તે જુદી વાત છે. પણ રુચિ હોવી ન જોઈએ. સિદ્ધને વંદન કરનાર બીજાને વંદન કરતો નથી. લક્ષ્મીની રુચિવાળાને સિદ્ધની રુચિ નથી. માટે કહે છે કે રુચિ પલટાવો. પર્યાયમાં 'હું સિદ્ધ છું' એવી રુચિ થઈ તેને એક પરમાણુની પણ રુચિ હોવી ન જોઈએ. ૬૭૨.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૨૪
અંક-૪ ● વર્ષ-૧૯

Posted at Songadh PO
Publish on 1-12-2024
Posted on 1-12-2024

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org